
# જીવન શિક્ષણ

એપ્રીલ-2012



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

# તસવીર કથા



શૈક્ષણિક પ્રવાસમાં નૌકાવિહાર કરતા શાળાના બાળકો
પ્રાથમિક શાળા, કણાવ
તા. પલસાણા, જિ.સુરત

વિજ્ઞાન પ્રદર્શન
પ્રાથમિક શાળા, વડપુરા
તા. કડી, જિ. મહેસાણા





રંગ ઉત્સવ
પ્રાથમિક શાળા, વડિયા નં.2,
તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર

બાળમેળો
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
એલિસબ્રીજ શાળા નં. 14, અમદાવાદ



# જીવન શિક્ષણ

સળંગ વર્ષ : 45 અંક : 3

**અધ્યક્ષ** : શ્રી આર. સી. રાવલ નિયામક

**તંત્રી** : શ્રી એચ. જી. પટેલ સચિવ
**સહતંત્રી** : શ્રી એચ. એન. દાફડા રીડર

**સહતંત્રી** : શ્રી રાઘવજી માધડ રિસર્ચ એસોસિએટ

જીસીઈઆરટી, ગાંધીનગર

**સંપાદક મંડળ**

એપ્રીલ - 2012 વાર્ષિક લવાજમ રૂા. 75/-
ફોન નં. : (079) 23256808 થી 23256837
ફેક્સ : (079) 23256812
ઈ-મેલ : gcert_21@yahoo.com
વેબસાઈટ : www.gcert.gujarat.cgv.in
તંત્રીશ્રી : જીવન શિક્ષણ, જીસીઈઆરટી
વિદ્યાભવન, સેક્ટર 12, ગાંધીનગર પીન - 382016

**Gujarat Council of Educational Research & Training, Gandhinagar**

**લવાજમ અંગે**

વાર્ષિક લવાજમ રૂા. 75/- રાખવામાં આવેલું છે. વર્ષમાં ગમે ત્યારે ગ્રાહક થઈ શકાય છે. લવાજમ મળ્યા પછીના માસથી સળંગ એક વર્ષ સુધીના અંકો મોકલવામાં આવશે. (બે-વૅકેશન સિવાય) લવાજમ મોકલનારે "સચિવશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના"ના નામનો રૂા. 75/- નો ડ્રાફ્ટ 'જીવન શિક્ષણ' જી.સી.ઈ.આર.ટી., વિદ્યાભવન, સેક્ટર-12 'ઘ'-4 કોર્નર પાસે, ગાંધીનગર, પિન-382016 ને મોકલવાનો રહેશે. આ અંગે ખાસ સૂચના કે લવાજમ મોકલનારે પોતાનું પૂરેપૂરું સરનામું પિનકોડ નંબર સહિત અચૂકપણે મોકલવાનું રહેશે. રોકડેથી કે મનીઓર્ડરથી લવાજમ સ્વીકારતા નથી.

મુદ્રક
**રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા.લિ.**
**301, પુનિત પ્લાઝા કોમ્પ્લેક્ષ, નવગુજરાત કૉલેજની પાછળ,**
**આશ્રમ રોડ, અમદાવાદ-14**
ફોન નં. 079-27540243, 27540365,
ફેક્સ : (079) 27541264
ઈ-મેલ : reliableprintery@yahoo.com


## બે શબદની વાત

**- રાઘવજી માધડ**

આજકાલ પ્રકૃતિએ પાનખર પછીના નવાં કલેવર ધારણ કર્યાં છે. તેમાં લીમડો અને ગરમાળો સોળે કળાએ ખીલ્યાં છે. ધોમધખતા તાપની વચ્ચે પણ શીળો છાંયડો પાથરતો લીમડો સ્વભાવે કડવો છે પણ ભારે ગુણકારી છે. તનને નિરોગીપણું બક્ષવામાં તે પાવરધો છે. જ્યારે ગરમાળો વગડાની વચ્ચે એકલો-અટૂલો ઊભો છે અને સૌ કોઈને સંદેશો આપે છે : 'આકરી લૂ અને અસહ્ય ઉકળાટ વચ્ચે ખીલવું અને ખૂલવું એ મારો સ્વભાવ છે. ક્યારેય કોઈ જાતનાં બહાનાં કાઢ્યાં નથી, રોદણાં રોયાં નથી... કપરી સ્થિતિ કે સંજોગો વચ્ચે પણ આમ જ ખુલ્લા મને ખીલતા રહેવું તેને હું સ્વધર્મ સમજું છું !'

વૃક્ષો ખરેખર તો આપણા અર્વાચીન ઋષિઓ છે.

પ્રકૃતિની માનવસ્વભાવ પર અસર થતી હોય છે. પ્રકૃતિને પામનારો અને સમાજનારો માણસ તેના કાર્ય થકી ચોમેર સુગંધ પ્રસરાવતો હોય છે. તેમાં ગુરુજન તો વર્ગખંડને કાર્યસુવાસથી તરબતર કરી દેતો હોય છે.

આજે એકવીસમી સદીનો સમય એવો છે કે વસંતમાં નીકળેલો માણસ પાછો ફરે ત્યાં સુધીમાં તો પાનખર બેસી ગઈ હોય ! આંખનો પલકારો થાય તેટલી પળાર્ધમાં પ્રલય પ્રગટે તેવી નાજુક સ્થિતિ છે. સઘળું જ ત્વરિતતાથી બદલાઈ રહ્યું છે. વૃદ્ધિ અને વિકાસની વચ્ચે ઊભેલો માણસ ટગર ટગર જુએ છે - કેટલુંય નવું અને જૂનું થઈ રહ્યું છે - જૂના સરનામે ટપાલ મળતી નથી અને નવા સરનામાની શોધ શરૂ છે... સાંપ્રત સ્થિતિ વચ્ચે ઊછરતી આ પેઢી, સારા-નરસાનો ભેદ પામી ઉત્તમ રીતે ગતિ અને પ્રગતિ કરી શકે તેવી મોકળાશ અને માર્ગદર્શન આપવાની જવાબદારી આપણા સૌના શિરે છે.

પરિવર્તનશીલ સંસારનું ચક્ર સતત ફરતું જ રહેવાનું. તેમાં કશું જ સ્થિર નથી, ઘણું અસ્થિર છે. પરંતુ આ બધાની વચ્ચે આપણું મન સ્થિર રહેવું જોઈએ. આપણી સ્થિરતા અને ધીરતા શાળાના ભૂલકાઓનાં જીવન પર ધારી અને સારી અસર કરતી હોય છે.

ગામ અને શહેર વચ્ચેના સીમાડાઓ ઓગળીને એક થવા લાગ્યા છે. તેમ માણસ માણસ વચ્ચેનું અંતર પણ ઓછું થવું જોઈએ. જેમ વિજ્ઞાને ઉપગ્રહો છોડવાની ક્ષમતા બક્ષી છે તેમ મનના પૂર્વગ્રહો પણ છૂટવા જોઈએ. કોઈ કહે, પાકા ઘડે કાંઠા ન ચડે, આપણે નથી ચઢાવવા... પરંતુ આપણી પાસે તો માટીનો પિંડ છે, તેની ગુણવત્તા પ્રમાણે ધારીએ તેવો ઘાટ અને આકાર આપી શકીએ ! માણસઘડતરની પ્રક્રિયાના આપણે સૂત્રધાર છીએ. ચાણક્યનું સૂત્ર સૌના હોઠે નહિ, હૈયે વસેલું છે : 'શિક્ષક કભી સાધારણ નહિ હોતે...'

જેમ સૂર્યોદય આપણને ઉજાસની ભેટ ધરે છે તો સૂર્યાસ્ત અંધારું છોડતો જાય છે. આ બે છેડાઓ વચ્ચે સઘળું શીખવાનું અને શીખવવાનું છે. બીજી બાજુ જ્ઞાન અને માહિતી મેળવવાનું હવે સરળ બન્યું છે, ગમે ત્યાંથી મેળવી લેશે. પરંતુ ચેતના, વેદના-સંવેદના અને માનવીય ગુણોના પદાર્થપાઠ તો સરસ્વતીમંદિરમાં જ સંપન્ન થશે. શાળા અને શિક્ષકનો વિકલ્પ વિચારમાં પણ આવે તેમ નથી. વાત બે શબદની જ છે, પણ મહાભારત જેવું મનોમંથન માગી લે તેવી છે. છતાંય ગુણિયલ ગુરુજનો માટે આ કાર્ય અશક્ય નથી.

ચૈતર - વૈશાખના વાયરાના સ્પર્શે, કેસૂડાંની એકાદ કળીનું સહેજે ખડખડાટ વિના હળવેથી ખરી જવું... તેનું દુઃખ થાય પણ સામે લીમડો નવી કૂંપળો સાથે લેલૂંબ ઊભો છે, તેનું સુખ અપાર છે.

**ગુરુમંત્ર :**

જિંદગીમાં જે ઈચ્છીએ તે સરળતાથી ન પણ મળે, પરંતુ આપણે એવું ઈચ્છીએ કે જે મેળવવું સર્વ માટે સરળ ન હોય !

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| 1. | શિક્ષક થતાં પહેલાં | મૂળશંકર ભટ્ટ | 3 |
| 2. | નિખાલસ સંવાદ | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 6 |
| 3. | લોકભારતી ગ્રામવિદ્યાપીઠ | સી. ટી. ટુંડીયા | 8 |
| 4. | શિક્ષકની સાધના | વર્ષાબહેન પ્રજાપતિ | 12 |
| 5. | વાંચવા-વસાવવાલાયક પુસ્તક | કલ્પેશ પટેલ | 14 |
| 6. | આમ પણ બને ! | સંકલન | 17 |
| 7. | શિક્ષણમાં અનુબંધ | સંકલન | 22 |
| 8. | સંશોધન | મનોજ કોરડીયા | 29 |
| 9. | પ્રસારણ પત્રક | સંકલન | 30 |
| 10. | ચંદરવો | સંકલન | 31 |
| 12. | ભાવ-પ્રતિભાવ | સંકલન | 32 |


# લેખકો માટે

- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક સજ્જતામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પુરસ્કારનું ધોરણ રાખવામાં આવેલ છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન સાથે સામાજિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય-લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, ફૂલસ્કેપ કાગળમાં યોગ્ય જગ્યા છોડીને કાગળની એક બાજુએ લખાયેલ હોવો જોઈએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહીં.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. તે અંગેનો વિશેષ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
- લેખ અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતા વિચાર-વિગત સાથે અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી કે સંપાદકમંડળ સહમત છે એમ માનવું નહીં.

# શિક્ષક થતાં પહેલાં (અને પછી...)

- મૂળશંકર ભટ્ટ

★

આજથી બરાબર છ દાયકા પૂર્વે જાણીતા કેળવણીકાર શ્રી મૂળશંકર ભટ્ટે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓને આપેલ વ્યાખ્યાનનો એક ભાગ અહીં પ્રગટ કર્યો છે. જેમાંથી મોટાભાગની વાતો આજે પણ એટલીજ જરૂરી અને પ્રસ્તુત છે.

★

## વ્યાખ્યાનં પહેલું

આજથી તમને તમારા ભવિષ્યના શિક્ષણકાર્યમાં ઉપયોગી થાય તેવી વાતો કહેવા ઈચ્છું છું. આપણે ત્યાં મોટા ભાગના માણસો એવું માનતા દેખાય છે કે પ્રાથમિક શાળાનાં છોકરાઓને ભણાવવાં એ તો રમતવાત છે. તેમાં ઝાઝા ભણતરની જરૂર નહીં, ઝાઝી તાલીમ કે આવડતની જરૂર નહીં, તેમ બીજી બાજુથી એ ધંધામાં ઝાઝી કમાણીની આશા નહીં, ઝાઝી પ્રતિષ્ઠાની પણ આશા નહીં. ટૂંકામાં, નિરાંતે છાશરોટલો ખાવો હોય તો પ્રાથમિક શાળામાં શિક્ષક થવું. આવા ખ્યાલો હજી પણ વ્યવહારમાં છે, વાતો ભલે મોટી મોટી થતી હોય. પ્રાથમિક શિક્ષકને મોટા 'બાળકોના ભાવિના ઘડનાર તરીકે જાહેરમાં બિરદાવવામાં આવતો હોય પણ શિક્ષક ને સમાજ બંને આ બાબતમાં જરાય ભ્રમમાં નથી.

અહીં તમે જોતા હશો કે આપણે શિક્ષણકાર્યને એક પવિત્ર અને સામાજિક જવાબદારીવાળું કાર્ય ગણીને ચાલીએ છીએ; અને તમે અહીંથી તૈયાર થઈને તમારા ધંધામાં પડો ત્યારે આ વાત તમારા મનમાં જેટલી બને તેટલી દૃઢ કરો એવી અમારી ઈચ્છા રહે તે સ્વાભાવિક છે. એટલે કે આપણે પ્રાથમિક શિક્ષણ અને તેનો શિક્ષક બંને વિશેના ચાલુ ખ્યાલોમાં પરિવર્તન કરાવવા ઈચ્છીએ છીએ. તમે કદાચ કહેશો કે પ્રાથમિક શિક્ષકના પગારો વધે તો હમણાં તેમનો દરજ્જો વધી જાય. તે વખતે મને એક વાત યાદ આવે છે. કાઠિયાવાડની રેલવેમાં સ્ટેશનની પરબોમાં પહેલાં પાણી પાનાર માણસને પાંચ રૂપિયા કે દસ રૂપિયા મળતા હતા; આ પછી રેલવેનાં નવાં પગાર - ધોરણો આખા હિન્દુસ્તાનના ધોરણે ઘડાયાં ત્યારે તે પાણીવાળાઓના પગારો એકસામટા સાઠ રૂપિયા જેટલે પહોંચી ગયા. આમ એકી સાથે 600 ટકા વધારો મળવાથી તેમની ખુરશી સ્ટેશન માસ્તરની પડખે નથી મુકાતી પણ હતી ત્યાં જ છે. પગારવધારો એ અત્યારની આર્થિક સ્થિતિમાં અનિવાર્ય છે. અત્યારનું શિક્ષકોનું પગારધોરણ ઘણું કંગાળ ગણાય એમાં શંકા નથી. જે તે સમયગાળાના પગારનો સંદર્ભ છે. પણ પગારના આંક સાથે જ પ્રતિષ્ઠાનો આંક વધી જ જશે, એવું કહી ન શકાય. પણ ખરી વાત એ છે કે શિક્ષકને પોતાને જ પોતાના ધંધાની પ્રતિષ્ઠા નથી, અને સમાજમાં શિક્ષણના કામને પ્રતિષ્ઠા નથી. આપણે એ બન્ને ઊભાં કરવા માગીએ છીએ.

સૌથી પહેલાં તો હું એક વાત તમને સમજાવવા ઈચ્છું છું કે આ શિક્ષણનું કાર્ય એક મોટો કસબ છે, તેમાં અનેક ગૂઢ શક્તિઓ પડેલી છે, તેમાં ખૂબ રસ ભર્યો પડ્યો છે. સાચા શિક્ષક થવું તે સહેલું નથી; પણ મહેનત કરીને સાચા શિક્ષક બનવામાં જીવનનો એક મહાન આનંદ સમાયેલો છે. તેમાં તો 'માંહે પડ્યા તે મહાસુખ માણે ! પણ તેમાં પડવું જોઈએ, તેમાં કેવળ ધકેલાઓ તો તો ડૂબકાં જ ખાવાનાં ને તરફડિયાં મારવાનાં.

પણ આ ધંધામાં વશેકવશે પડવું પડે એટલે કે ધકેલાવું પડે એવી તમારી સ્થિતિ હોય તો તમારે માટે આ ધંધાની મજા માણવી લગભગ અશક્ય છે. તમને આ ધંધાની તાલીમ ન મળી હોય ને આ કામ મુશ્કેલ લાગે તે એક વાત છે. પણ તેમાં તમને બિલકુલ મૌલિક રસ ન હોય તો તો તમે પોતે આ ધંધામાં તરફડિયાં જ મારવાના ને તમારી પાસે ભણવા આવતાં છોકરાંઓને પણ ભેગાં ખેંચવાનાં.

તો આ મૌલિક રસ એટલે શું ? તમે જાણો છો કે દરેક વ્યક્તિમાં નાનપણથી કેટલાંએક માનસિક વલણો બંધાઈ ગયાં હોય છે. તે વલણો બંધાવામાં તેનાં માબાપ, ઘરનું વાતાવરણ, ઉછેર એ બધાંનો ફાળો હોય છે. કેટલાંએક બાળકો નાનપણથી જ બીજાં સાથે હળીમળી જાય તેવાં જોવા મળે છે, જ્યારે કેટલાં એક અતડાં જ રહે છે. કેટલાંક બાળકો ચીડિયાં દેખાય છે, કેટલાંએક સાહસી દેખાય છે, કેટલાંએક મૂંજી હોય છે તો કેટલાં એક ખૂબ જ આનંદી ને ઉત્સાહી હોય છે. આ બધાં વલણોવાળાં બાળકો જેમ જેમ મોટાં થાય છે તેમ તેમ તેમનાં વલણો વધુ દૃઢ બને છે, ને તે લગભગ તેમનો સ્વભાવ બની જાય છે. આ વલણો બદલવાં એ ઘણું મુશ્કેલ બને છે. આપણે બુદ્ધિથી સમજીએ તો પણ કેટલાંક માનસિક વલણો બદલી શકતાં નથી.

આ બધાં વલણોમાં કેટલાંએક સામાજિક દ્રષ્ટિએ ઉપયોગી વલણો હોય છે, જ્યારે કેટલા એક નુકસાનકારક પણ હોય છે. તમે શિક્ષકના ધંધા માટે અહીં તૈયારી કરી રહ્યા છો. તમને તેને માટે કેટલું એક જ્ઞાન અહીં આપવામાં આવશે. શીખવવાનો કસબ પણ બતાવવામાં આવશે, કેળવણીના સિદ્ધાંતો પણ બતાવવામાં આવશે. પણ તમારાં મૌલિક વલણો જો શિક્ષણના કામ માટે અનુકૂળ નહિ હોય, અથવા તો પ્રતિકૂળ હશે, તો આ એકેય કસબ તમને ચડશે નહિ, ને ગાર ઉપર લગાડેલ ચૂનાની જેમ તેના પોપડા વહેલામોડા ઊખડી જઈને આપણે મૂળ સ્વરૂપમાં દેખાવા માંડવાના.

તો શિક્ષકના ધંધામાં પડવા માટે કેવા પ્રકારનાં મૌલિક વલણો હોવાં જોઈએ ?

સૌથી પહેલું વલણ તે જિજ્ઞાસા. આપણા સૌમાં કુતૂહલ તો કુદરતી રીતે જ હોય છે; પણ તે કુતૂહલવૃત્તિ વિકાસ પામીને જિજ્ઞાસાનું સ્વરૂપ પકડે તેવું બધામાં નથી બનતું. પણ જગતમાં જ્ઞાનની જે અનેક શાખાઓ ફેલાયેલી પડી છે તેમાં વિહરવાનું નવું નવું જાણવાનું જેને ઓછેવત્તે અંશે મન રહ્યા જ કરતું હોય, તે મેળવવા માટે તે પોતાની મર્યાદિત શક્તિથી પણ મહેનત કર્યા કરતો હોય, તેને માટે શિક્ષકના ધંધામાં સફળ થવાની શક્યતા ખરી. અલબત્ત, દરેક જિજ્ઞાસુ વ્યક્તિ શિક્ષક જ થાય તેવું ન બને. પણ શિક્ષક બનવા માટે આપણામાં નવું નવું જાણવાની ઉત્કંઠા, તે માટે મહેનત કરવાની ટેવ વગેરે હોવાં જ જોઈએ. આજે કેટલાય શિક્ષકો હું એવા જોઉં છું કે જેઓ દૈનિક છાપાંઓ પણ નથી વાંચતા; તેઓ પોતાને ભણાવવાનાં પાઠ્ય પુસ્તકો અને તે પણ વર્ગનાં જ વાંચતા હોય છે. બાકી તો બજારનાં પાટિયાં ને પંચાંગ વાંચતા હશે. અને તેમાં તેમને કંઈ મુશ્કેલી જેવું કે ઊણપ જેવું લાગતું નથી. પણ આપણે તેવા શિક્ષક બનવાની કલ્પના અહીં કરતા જ નથી. અહીં જે અભ્યાસમંડળો, સ્વાધ્યાયો, ચર્ચાસભાઓ, કાવ્યસંમેલનો, રાષ્ટ્રીય તહેવારો, દૈનિક સામયિક વગેરે તમારું વિદ્યાર્થીમંડળ ચલાવે છે તેનો હેતુ એ છે કે તમારામાં જાગ્રત કે અજાગ્રત રીતે પડેલ જિજ્ઞાસા અભ્યાસવૃત્તિમાં પરિણમે. પણ તેમ છતાં કોઈને આ પ્રવૃત્તિનો ચેપ ન લાગે તો સમજવું જોઈએ કે તેઓ હવાઈ ગયેલ દીવાસળી જેવા છે. એમણે શિક્ષકના ધંધામાં પડવાનો વિચાર માંડી વાળવો જોઈએ. આ અભ્યાસવૃત્તિ તમારામાં કેટલા પ્રમાણમાં છે કે બિલકુલ નથી તે તમે તમારી મેળે જાણી શકો. તે કઈ રીતે તે વાત હું આગળ ઉપર કરીશ.

હવે બીજા વલણની વાત કરું. શિક્ષકના ધંધામાં પડવા માટે એક બીજું અગત્યનું વલણ આપણામાં હોવું જોઈએ તે મિલનસારપણું. આ શબ્દો બહારનો અર્થ ઘણી વાર એવો કરવામાં આવે છે કે જે માણસ જે કોઈ સામે મળે તેને 'કાં, કેમ છો ?' એમ કહેતાં ફરે, બધાની સાથે આખો દિવસ મશ્કરી કે ટોળટપ્પાં કરે તે મિલનસાર ગણાય. આવા લહેરી, રમૂજી, ટોળી માણસો સમાજમાં ઘણા હોય છે પણ તેનો ક્યાંય બોજ પડતો નથી. લોકો તેવા પાસેથી પોતાને જોઈતો આનંદ મેળવી લે છે, પણ તેના પર ભરોસો મૂકતાં નથી, તેની કોઈ વાતને ગંભીર ગણતા નથી. તેવા માણસો ગુસ્સે થાય તે પણ તેને મશ્કરી ગણવામાં આવે છે.

મિલનસારપણું એ જુદી જ વસ્તુ છે. મિલનસાર માણસ હંમેશાં માનસિક રીતે સ્વસ્થ હોય છે. તે વાત વાતમાં ફુલાઈ જતો નથી કે ઉશ્કરાઈ જતો નથી. સમૂહ ચર્ચામાં તે દરેકને સમજવાનો પ્રયત્ન કરે છે, સૌની સાથે કામ કરવા તે તૈયાર હોય છે. તેના સાથી થવામાં કોઈને પણ આનંદ થાય. કોઈને મુશ્કેલીમાં મૂકવા તે તેને ગમતું નથી હોતું. પોતે અગવડ વેઠીને બીજાને સગવડ આપવામાં તેને આનંદ આવે છે પણ કોઈના અંગત પ્રશ્નોમાં કૂદી પડવાનો તેને ઉત્સાહ થતો નથી. તે વધુ પડતો શરમાળ પણ હોતો નથી, પણ વધુ પડતો બોલકો પણ હોતો નથી. ટૂંકામાં પોતાની આસપાસના સમાજને ઉપયોગી થવાનું તેનામાં સ્વાભાવિક વલણ હોય છે. તમારો અહીંનો સમાજ ભલે નાનો છે, પણ તમને તેમાં આદરપૂર્વક સાંભળે જ છે. શિક્ષકનું મુખ્ય કામ ધીરજપૂર્વક બાળકોને જ્ઞાન આપવાનું છે. આપણે જે વાત બહુ જ સારી રીતે સમજતા હોઈએ તે વાત બાળકો માટે ઘણી અઘરી હોય છે એ વાત આપણે ઘણીવાર ભૂલી જતા હોઈએ છીએ. પણ જો વાત સમજાવવાની કળા આપણી પાસે હોય, તો જુદી જુદી કક્ષાના લોકો પાસે તેમની ભૂમિકા પર વાત કરવાનું સરળ બને છે. એટલે કે જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા સાથે તે બીજાને આપવાનો ઉત્સાહ, તે માટે તાલીમ લેવાની વૃત્તિ, એ પણ આપણામાં સહજ રીતે હોવાં જરૂરી છે. અલબત્ત તે કળા તરત સિદ્ધ થઈ શકે તેમ નથી, પણ તે માટેનો પ્રયત્ન કરવાનો પણ કુદરતી ઉત્સાહ હોવો જોઈએ. ટૂંકામાં શિક્ષક થવા માટે અભિવ્યંજના માટેનું વલણ હોવું જોઈએ.

આ રીતે કહીએ તો 1 જિજ્ઞાસા, 2 મિલનાસારપણું, 3 સ્ફૂર્તિ, 4 બાળપ્રેમ, 5 અભિવ્યંજના આ પાંચ પ્રકારનાં મૌલિક વલણો જો આપણામાં ઓછેવત્તે અંશે હોય તો આપણે શિક્ષક તરીકે તાલીમ લેતાં તે ફળદાયી બનશે. તમારામાં આ વલણો છે કે કેમ, છે તો કેટલે અંશે છે, તે તમે તમારી જાતને પૂછીને જાણી શકો.

આ સાથે હું તમને એક પ્રશ્નાવલિ આપું છું. તેમાં માગેલા પ્રશ્નોના જવાબ પ્રામાણિકપણે તમારી જાતને પૂછીને તમે આપશો, તો તેમાંથી તમારાં આ વલણોની એકંદર કક્ષા જાણી શકશો. કોઈ વલણ ઓછાં હોય તો તે કેળવીને વિકસાવી શકાશે પણ કોઈ વલણ બિલકુલ ન જ હોય તો સમજી લેવું કે આપણે ધંધામાં સફળ નહીં થઈએ.

આ પાંચ વલણોમાં પણ જો ચડતોઊતરતો ક્રમ મૂકવો હોય તો આ પ્રમાણે મૂકી શકાય, 1, બાળપ્રેમ 2, મિલનસારપણું; 3, જિજ્ઞાસા; 4, સ્ફૂર્તિ; 5, અભિવ્યંજના

❑

સાભાર : 'કોડિયું'
ગ્રામ દક્ષિણા મૂર્તિ,
આંબલા, જિ. ભાવનગર

## કેળવણી

*કેળવણીકાર શ્રી નાનાભાઈ ભટ્ટે કહ્યું છે કે, "કેળવણી એટલે વ્યક્તિને ચારિત્ર્યવાન બનાવે તેવી પ્રક્રિયા. કેળવણી એટલે ચારિત્ર્યના નિર્માણ માટેની દૃષ્ટિ તથા નિષ્ઠાના, બુદ્ધિ તથા હૃદયના સમતોલ સંયોજનપૂર્વકની જીવનઘડતરની પ્રક્રિયા. ચારિત્ર્ય એટલે માણસાઈની, માનવતાની પરાકાષ્ટા, સંપૂર્ણતા." ચારિત્ર્ય વિનાની કેળવણી વાંઝણી ગણાય છે. આથી શિક્ષકનું પ્રાથમિક અને પાયાનું કર્તવ્ય જ્ઞાનની સાથે સાથે ચારિત્ર્ય અને મૂલ્યોનું શિક્ષણ આપવાનું છે.*

*ગાંધીજીએ તેમની કેળવણીની વ્યાખ્યામાં માનવીના જે ઉત્તમ અંશો છે તેનું આવિષ્કરણ કરવાની વાત કરી છે. તેમણએ બુનિયાદી કેળવણીમાં ત્રણ H ની કેળવણીની પણ વાત કરી છે, જેમાં Head, Hand ની કેળવણીની સાથે સાથે Heart ની એટલે કે હૃદયની કેળવણીની હિમાયત કરી છે. જે દ્વારા શિક્ષકનું કર્તવ્ય વિદ્યાર્થીના મન અને હૃદયની ભાવનાઓ સુધી પહોંચવાનું છે. તેણે શિષ્યની ઉદાત્ત ભાવનાઓ અને આદર્શોને ખૂબ ઊંચે લઈ જઈને એમના માટે ઉપાસક, ઉપાસના અને ઉપાસ્યનું દર્શનીય અને સેવનીય સ્વરૂપ પ્રગટાવવાનું કાર્ય કરવાનું છે. એક પ્રતિબદ્ધ શિક્ષક જ આવું કાર્ય કરવા માટે સમર્થ છે.*

# નિખાલસ સંવાદ

- ડૉ. ચંદ્રકાન્ત મહેતા

★

જાણીતા ચિંતક, લેખક અને પૂર્વ કુલપતિશ્રીએ પ્રેમ પૂર્વક પાઠવેલ લેખ પ્રગટ કરતાં આનંદ થાય છે. દરેક વ્યક્તિ વાલી છે પણ શિક્ષક છે તેથી આ વાત બંને રીતે લાગુ પડે છે.

★

દેવમંદિરની જેમ ઘર પણ એક દેવાલય છે, શિવાલય છે. શિવાલયમાં શિવ પણ પૂજ્ય અને માતા પાર્વતી પણ વંદનીય. ગણપતિ પણ પૂજનીય અને રિદ્ધિ-સિદ્ધિ તેમજ લાભ, શુભ અને નંદી પણ વંદ્ય.

પિતા તરીકે, આજના શબ્દોમાં કહીએ તો "પપ્પા" તરીકે તમારું સ્થાન મોભાનું, કબૂલ, પણ એ મોભો 'શાસક' કે સરમુખત્યાર તરીકે સુરક્ષિત ન રહે, તેમ 'ધર્મગુરુ' ની અદાથી સંતાનો માટે 'ઉપદેશક'ની ભૂમિકા ભજવો તો પણ તમે પ્રીતિપાત્ર ન બની શકો! તમારા આશ્રયે રહેનાર સહુ કોઈનું માન-સન્માન - આદર અને ગૌરવ સચવાય એ જોવાની પણ તમારી જવાબદારી છે ! વધારે પડતી રોક-ટોક એ ગૃહસંચાલનનું સહુથી બુઠ્ઠું હથિયાર છે. બાળઘડતરના ભ્રમમાં માતા-પિતા બાળકના 'દોષદ્રષ્ટા' બની એના દુર્ગુણોનું બુલેટિન વારંવાર તેની સમક્ષ પ્રસારિત કરતાં હોય છે. એટલાથી સંતુષ્ટ નહીં થનાર માતા-પિતા સલાહનો ઈસ્કોતરો ખોલીને બેસી જતાં હોય છે. 'આમ કર' અને 'આમ ન કર' - આ બંને શબ્દો સાંભળવાનું બાળકો અને યુવાનો બંનેને નાપસંદ છે. અહીં નોર્મન સ્મિથે 'મારા પિતાની સલાહ' માં પિતાની સલાહનાં સંસ્મરણો સુંદર રીતે પ્રસ્તુત કર્યાં છે. ત્યારે નોર્મન લેવિસ સ્મિથ નાનો હતો, આજે પોતે પિતા બની ગયો છે. નોર્મન લખે છેઃ "સમય ખૂબ ઝડપથી પસાર થઈ ગયો. મેં મારા પુત્ર ઍરિકને શિશુમાંથી બાળક, અને બાળકમાંથી કિશોર બનતો જોયો છે. મને લાગે છે કે તેનું આ વયપરિવર્તન મારી અવસ્થાના વયપરિવર્તન કરતાં તીવ્ર ગતિએ થયું છે. હું એને ઘણી જ વાતો કહેવા બેચેન છું, જે-એના પોતાના અસ્તિત્વ સંગ્રામમાં મદદરૂપ નીવડે તેવી છે. તેને એક સારો માણસ બનાવશે." એટલામાં એનો આઠ વર્ષનો પુત્ર ઍરિક એને કહે છે. "ડેડી, આપણે થોડીક વાતો કરી શકીએ ?"

એક ક્ષણ માટે નોર્મનને લાગે છે કે પુત્ર ઍરિકને મારી સલાહની જરૂર છે પરંતુ નોર્મનને પોતાના પિતાએ શીખવેલો છેલ્લો પાઠ બરાબર યાદ છે. એટલે એ વિચારે છે "મારા પુત્રને હું જે કાંઈ કહીશ, એના કરતાં હું શું કરું છું અને શું કરી શકું એ દ્વારા સારો બોધ મળશે."

સંસ્મરણો આગળ વાગોળતાં નોર્મન સ્મિથ નોંધે છે "ત્યારે મારી ઉંમર ત્રેવીસ વર્ષની હતી. કૉલેજકાળથી જ હું બચત કરતો હતો. પરંતુ મેં કામ છોડીને પ્રવાસનું આયોજન કર્યું ત્યારે મારા પિતાએ એક જાતે લખેલો કાગળ મારા હાથમાં મૂકતાં કહ્યું "નોર્મન, આ કાગળમાં મેં કેટલીક વાતો લખી છે. હું ઈચ્છું છું કે તું એ વાતો હંમેશાં યાદ રાખજે."

નોર્મનના પિતાજીની "યાદ રાખવા જેવી 29 વાતો" - પૈકી કેટલીક વાતો એવી હતી જે વ્યાવહારિક હતી. જેમ કે : "પ્રવાસ દરમ્યાન પ્રત્યેક દેશમાં અમેરિકન એલચી ખાતા સાથે સંપર્કમાં રહેજે. તારા ખિસ્સામાં પરચુરણ રાખજે. રાત્રે પૈસા ઓશીકા નીચે મૂકજે."

"પરંતુ આગળ એવી કેટલીક સૂચનાઓ હતી. જે મારા વ્યક્તિગત સ્વાતંત્ર્યને

અંકુશિત કરતી હતી "અજાણી છોકરીઓ સાથે ઘનિષ્ઠ સંબંધ ન બાંધીશ, એને કારણે પસ્તાવાનો વારો આવશે." પહાડ પર ન ચઢીશ, તને ઠોકર વાગી શકે. વાતવાતમાં ચિડાઈ ન જતો - વગેરે.

નોર્મનને યાદ આવે છે સવારથી સાંજ સુધી "આમ કર અને આમ ન કર" ની યાદી ચાલુ રહેવાને કારણે પપ્પાજી સાથે મારી સ્વાભાવિક વાતચીત શક્ય જ નહોતી બનતી. "મારે શું વિચારવું જોઈએ, શું કરવું જોઈએ, કયાં ભયસ્થાનોથી બચવું જોઈએ. વગેરે અંગે તેમની સલાહવર્ષાને લીધે મને લાગતું કે મારા પિતાશ્રીએ પોતાનું જીવન મારી કિશોરાવસ્થા અને મનોરંજનની રોકટોક માટે સમર્પિત કરી દીધું છે ! પિતાજીનાં ભાષણોએ મને જ્ઞાનપ્રાપ્તિ માટે ક્યારેય પ્રેરણા નહોતી આપી. હું વર્ગમાં દિવાસ્વપ્નમાં ખોવાયેલો રહેતો. પરંતુ રમતના મેદાનમાં લડાલડીમા પિતાજીએ મને સલાહ આપી હતી કે દુષ્ટોને એટલી બધી સજા કરવી કે ફરીથી તેઓ પરેશાન કરવાનું નામ ન લે." પરંતુ એમની આ સલાહ મને વ્યવહારમાં ખપ નહોતી લાગતી."

નોર્મન કહે છે "મોટા થતાં મેં પિતાજીની સલાહ માનવાનું બંધ કરી દીધું. એમની સલાહ જ નહીં, એમની માન્યતાની વિરુદ્ધ પણ મેં કામ કરવાનું શરૂ કર્યું. જો કે વ્યક્તિગત રીતે તેમની ઉપેક્ષા નહોતી કરી. લગભગ પચ્ચીસમે વર્ષે મે તેમની છત્ર-છાયા ગુમાવી."

"વર્ષો પછી જ્યારે મારે ઘેર પુત્ર એરિકનો જન્મ થયો, મને ચિંતા થવા લાગી કે મારે મારા પુત્રને શું શીખવવું જોઈએ ? ત્યારે મને યાદ આવ્યું કે મારા પિતાશ્રીએ મને કેટલોક શિક્ષિત કર્યો હતો અને હું પણ એમની પાસેથી એવી રીતે ઘણું બધું શીખ્યો હતો, જે રીતે બાળકો મા-બાપ પાસેથી પરોક્ષ રીતે શીખતાં હોય છે. હું શિખામણ દ્વારા નહીં, દાખલારૂપ વર્તન મારફત મારા પુત્ર એરિક માટે પ્રેરક બનીશ."

નોર્મન લેવિલ સ્મિથે પોતાના પિતાશ્રીના જીવનવ્યવહારમાંથી જે કાંઈ ગ્રહણ કર્યું તે આ હતું -

1. માણસનું કર્તવ્ય છે પોતાનાં આશ્રિતોની સાર - સંભાળ રાખવાનું.
2. ગપ્પાં ન મારો, બહાનાં ન કાઢશો, જૂઠું ન બોલશો.
3. જેને મદદની જરૂર હોય તેના મદદગાર બનો.
4. જો તમે સાચા હો તો હાર ન સ્વીકારશો.
5. જરૂર પડે મદદ માગનાર મિત્ર તરફથી મોં ફેરવી લેશો નહીં.
6. હંમેશાં ફરિયાદો કરતા રહેવું યોગ્ય નથી.
7. બાળકો સાથે સંવાદની જરૂર છે.

નોર્મન આ બધું પોતાના પિતાજી પાસેથી શીખ્યો હતો. અને હા, એક વાર તે જ્યારે ન્યૂયોર્કમાં હતો. ત્યારે પિતાજીએ તેને કહ્યું હતું. "આપણે રાત્રે સાથે ભોજન કરીશું." અને પિતા-પુત્ર એક જર્મન રેસ્ટોરન્ટમાં ભોજન માટે મળ્યા હતા. નોર્મન માટે તે દિવસ આનંદનો દિવસ હતો કારણ કે તે દિવસે તેના પિતાજીએ તેને ઉપદેશ આપવાને બદલે માત્ર વાતો જ કરી હતી.

"એમણે ત્યારે કહ્યું હતું "મારી પાસે સમય નહોતો એટલે હું તમને મારાં સંતાનો તરીકે શીખવવા માગતો હતો એ શીખવી શક્યો નહીં. પરંતુ ત્યારે પણ મારી ઈચ્છા એટલી જ હતી કે જે કષ્ટો મારે સહેવાં પડ્યાં તેમાંથી તમે બચી શકો."

નોર્મનને ત્યારે લાગ્યું હતું કે મારા પિતાજીની નજરમાં હું લાયક મનુષ્ય બની ગયો છું. એટલે અમે બંને સ્વાભાવિક રીતે વાતો કરી શકીએ છીએ. પરંતુ આવા નિખાલસ સંવાદને કારણે હું એટલો બધો રોમાંચિત હતો કે જેનું વર્ણન અશક્ય હતું. અમારી બંને વચ્ચેનો એ સંવાદ અંતિમ હતો, કારણ કે ત્યાર બાદ હૃદયરોગના હુમલાને કારણે પિતાજીનું અવસાન થયું હતું.

અને આજે હું વિચારું છું કે મારા પુત્રને મારી સલાહની નહીં, મારી સાથે વાતચીત, સંવાદ, નિખાલસ ચર્ચાની પ્રતીક્ષા છે. નોર્મન લેવિસનો આ સ્વાનુભવ સંતાન અને વડીલોના પારસ્પરિક સંબંધ માટે દીવાદાંડી રૂપ છે સંતાન વડીલો સાથેનો સંવાદ ઝંખે છે, હુકમો નહીં.

માત્ર 'તાપ' દેખાડનારા 'બાપ' જિંદગીમાં નિષ્ફળ પુરવાર થયા છે. માત્ર અતિશય મીઠાશ દેખાડનાર માતા-પિતા પણ સંતાનોની દ્રષ્ટિએ ઉપેક્ષણીય રહ્યાં છે. ઉપદેશક માતા-પિતા સંતાનો માટે અસહ્ય ઠર્યાં છે. પરંતુ સંતાન સાથે ઉચિત અંતર રાખી આત્મીયતા કેળવી તેમના મિત્ર બનનાર માતા-પિતાનું સંયમ અને સમજણભર્યું વર્તન જ બાળકો માટે પ્રેરક બન્યું છે. ગૃહમંદિરના તમામ સભ્યોમાં દેવત્વનું દર્શન કરવાથી ઘર 'શિવાલય' બને છે.

❑

16, હેવનપાર્ક, રામદેવનગર પાસે,
સેટેલાઈટ રોડ નજીક,
અમદાવાદ-380015.

# લોકભારતી ગ્રામવિદ્યાપીઠ - સણોસરા

- સી. ટી. ટુંડીયા

★

વિદ્યાપ્રાપ્તિ સાથે તેમના ચારિત્ર્યનું ઘડતર થવું જોઈએ. સાથોસાથ તેમનામાં માનવતાના અને સામાજિક સંસ્કારોનું ઘડતર પણ થવું જોઈએ. કેળવણીની અખંડ જ્યોત ગરીબના ઝૂંપડા સુધી પહોંચાડવાના લોકભારતીના મનોરથ છે."

★

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) દ્વારા અનુદાનિત 'ફેકલ્ટી ડેવલપમેન્ટ : સંસ્થા મુલાકાત' અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) સુરેન્દ્રનગરના સમગ્ર પરિવાર સાથે તારીખ 13મી માર્ચ 2012ને મંગળવારના રોજ ગ્રામ ઉચ્ચશિક્ષણનો એક અભિનવ પ્રયોગ કરતી સંસ્થા 'લોકભારતી ગ્રામવિદ્યાપીઠ - સણોસરા' ની મુલાકાત યોજવામાં આવી.

શિક્ષણના વ્યવસાયમાં જ્યારથી જોડાયો ત્યારથી આ સંસ્થાનાં દર્શન કરવાની તીવ્ર અને અદમ્ય ઈચ્છા હતી. સંસ્થાના પ્રવેશદ્વારે ઈશોપનિષદનો ધ્યાનમંત્ર **'અવિદ્યયા મૃત્યું તીર્ત્વા વિદ્યાયમૃતમશ્નુતે.'** લખેલો છે. સંસ્થાના અતિથિગૃહ પર આદરણીય નિયામકશ્રી ડૉ. અરુણભાઈ દવે અમારા સ્વાગત કરવા માટે ઉપસ્થિત હતા. લોકભારતીનું આંગણું એ તપોભૂમિ છે. એ સ્થાન હર કી પૌડી હરદ્વાર જેટલું જ પવિત્ર છે. આ તપોભૂમિએ ગુજરાતના દૂરસુદૂર અંતરિયાળ અને પછાત વિસ્તારના પછાત સમાજમાં એવા 'પ્ર-દીપકો' અર્પણ કર્યા છે. જેના ઋણમાંથી આપણે કેમ મુક્ત થઈ શકીએ ?

શ્રી નાનાભાઈ ભટ્ટ અને શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' નાં ઘણાં પુસ્તકોમાંથી પસાર થયો છું. શ્રી નાનાભાઈ ભટ્ટ દ્વારા લખવામાં આવેલી આત્મકથા 'ઘડતર અને ચણતર' માં 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન' : ભાવનગર, 'ગ્રામ-દક્ષિણામૂર્તિ : આંબલા તથા 'લોકભારતી ગ્રામવિદ્યાપીઠ' : સણોસરાનું વર્ણન આજે મારી આંખ સામેથી પસાર થયું. 'લોકભારતી ગ્રામવિદ્યાપીઠ' સંસ્થાએ અનુકૂળ અને અનુરૂપ એવા આંતરવિદ્યાકીય અભિગમનો સ્વીકાર કરેલો છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠે ભૌતિક વિદ્યાઓ અને માનવીય વિદ્યાઓ આ બંનેના વિષયોનો અભ્યાસ કરવાનું તમામ વિદ્યાર્થીઓ માટે અનિવાર્ય ગણ્યું છે.

લોકભારતી વિજ્ઞાનભવનમાં ડૉ. અરુણભાઈ દવેએ અમારી સાથે ગોળમેજી બેઠકમાં પચાસ મિનિટ સુધી સંસ્થાની સ્થાપનાથી લઈને આજ સુધીની પ્રવૃત્તિઓ વિશેની માહિતી આપી. તેમણે કહ્યું કે આ સંસ્થા એટલે "દાદાઓની ફોજ". જેમાં શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ, શ્રી નટવરલાલ બુચ, શ્રી મનુભાઈ પંચોળી, શ્રી ઈસ્માઈલભાઈ નાગોરી (બાગાયત), શ્રી શુકલદાદા (ગૌશાળા), શ્રી ઝવેરબાપા (સંશોધન) વગેરે મહાપુરુષોએ આ સંસ્થાને રળિયાત બનાવી છે.

પૂજ્ય ગાંધીજીનો મંત્ર 'સર્વનો ઉદય તે સર્વોદય' વિચાર અહીં ચરિતાર્થ થઈ રહ્યો છે. આ સંસ્થા ઘઉંના સંશોધનમાં પ્રથમ નંબરે છે. ઘઉંની જાત લોક-1 તેમાં મુખ્ય છે. ઘઉં સંશોધનમાં સંસ્થાએ રાજ્ય-રાષ્ટ્રનું નામ રોશન કર્યું છે. જેમણે સમગ્ર જીવન

વિદેશમાં પસાર કરીને જીવનના ઉતરાર્ધમાં સંસ્થામાં સેવા કરી અને કર્મના સિદ્ધાંતને ચરિતાર્થ કરનાર પૂજ્ય ઝવેરબાપા કેમ ભૂલી શકાય ? હાલ સંશોધન અધિકારી તરીકે કામ કરી રહેલા દેવદાસભાઈ ગોહીલ પણ પ્રશંસનીય કામગીરી કરી રહ્યા છે. દરેક વિદ્યાર્થી અને અધ્યાપક 'છોડમાં રણછોડ' ના દર્શન કરી તેને ઉછેરી રહ્યો છે. સંસ્થાનો દરેક તાલીમાર્થી ઘઉંનું સંકરણ કઈ સાલનું છે ? તેનો સિરિયલ નંબર, તેનો જૂનો સિરિયલ નંબર, ઘઉંની જાત, છોડની ઊંચાઈ, એક હજાર દાણાનું વજન, એક કુંડીમાં દાણા અને તેનુ વજનનું તેમની પાસે દસ્તાવેજીકરણ હોય છે. ડેટા કલેકશનનું કાર્ય અહીં અઘરું બની જાય છે. આ સંશોધનમાં કાર્ય અતિ સૂક્ષ્મ બની રહે છે. સંસ્થા ઘઉંના સંશોધનમાં લોક-1 (વન) થી 64 સુધી પહોંચી છે. આ સંશોધન સંસ્થા પોતાના ખર્ચે કરે છે. આ અંગેની કોઈ ગ્રાન્ટ હોતી નથી.

વિજ્ઞાનમાં એમ કહેવાય છે કે : 'મેં સાંભળ્યું... ભુલાઈ ગયું, મેં જોયું... યાદ રહ્યું, પણ મેં કરીને જોયું તો નવા સવાલો મળ્યા, મેં વિચારી જોયું તો વિશ્લેષણ થયું અને બધું જ સમજાઈ ગયું.' લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રમાં વિજ્ઞાન-ગણિત વિષયક 350 જેટલા પ્રયોગો છે. સંસ્થા દરરોજ એક પ્રાથમિક શાળા સંસ્થાની મુલાકાત યોજે છે. તેમની સમક્ષ આ પ્રયોગોનું નિદર્શન પણ કરવામાં આવે છે. વિજ્ઞાનનો પ્રયોગાત્મક અભ્યાસક્રમ 'બુનિયાદી શિક્ષણ પ્રવીણ પ્રમાણપણ' મેળવનાર પ્રશિક્ષણાર્થીને શીખવવામાં આવે છે.

બાયોગેસ, સોલર કુકર, સાયલેજ પ્રોસેસની પ્રક્રિયા પણ જોવા મળી. કોઈ વ્યક્તિ પરદેશ ના જઈ શકે, પરંતુ આ સંસ્થાની 'વાછરડી દાતક યોજના' અંતર્ગત વાછરડીઓ પરદેશ જાય છે. ગૌશાળામાં ગીર ઓલાદની ગાયો, તેનું જતન-ઉછેર અને તેનું દૂધ ઉત્પાદનકાર્ય પણ નિહાળ્યું. સંસ્થામાં ખેડૂત નિવાસ શિબિરોનું આયોજન પણ કરવામાં આવે છે. ગ્રામસેવકો, તલાટી તથા મંત્રીની તાલીમ અહિયાં અવિરત ચાલુ જ હોય છે. સમગ્ર દેશમાં હાલ ત્રણ નર્સરી કેન્દ્ર આવેલાં છે તે પૈકી લોકભારતીનો સમાવેશ થાય છે.

શ્રી નાનાભાઈ ભટ્ટ દઢપણે માનતા હતા અને આગ્રહ પણ રાખતા હતા કે "વિદ્યાર્થીઓએ શિક્ષણ સંસ્થાના પ્રાંગણ પર છાત્રાલયમાં જ નિવાસ કરવો જોઈએ. વિદ્યાપ્રાપ્તિ સાથે તેમના ચારિત્ર્યનું ઘડતર થવું જોઈએ. સાથોસાથ તેમનામાં માનવતાના સામાજિક સંસ્કારોનું ઘડતર પણ થવું જોઈએ. કેળવણીની અખંડ જ્યોત ગરીબના ઝૂંપડા સુધી પહોંચાડવાના લોકભારતીના મનોરથ છે."

ચારિત્ર ઘડતરનું ધરુવાડિયું એટલે છાત્રાલય. એકબીજાના ગમા-અણગમા બાજુએ રાખીને સુખ દુઃખ વહેચવાનો માનવીય અભિગમ કેળવીને કોઈપણ પ્રકારના ભેદભાવ વગર છાત્રાલયમાં એક બૃહદ પરિવારની જેમ સંપથી રહેતાં શીખવાનું છે. સ્વાશ્રય, સાદાઈ અને સંવેદનશીલતા દ્વારા જીવનનો સંતોષ પામતાં શીખવાનું છે. ઘસાઈને ઊજળા થવાની સેવાકીય વૃત્તિનો વિકાસ થાય તેવા કાર્યક્રમ - પ્રવૃત્તિઓ છાત્રાલયમાં યોજાવી જોઈએ.

જમીન પર બેસવાની, નીચે સૂવાની, જાડાં કપડાં પહેરવાની, સાદું ભોજન જમવાની કે ઓછી સામગ્રીથી શક્ય તેટલું વધુ કામ કરવાની મનોવૃત્તિ એ સ્વૈચ્છિક રીતે સ્વીકારેલી સાદાઈ છે. આ સાદાઈ એ દારિદ્રયની ઉપાસના નથી પરંતુ જગતના મોટાભાગના લોકોની જીવનશૈલી પામવાનો અસરકારક અનુબંધિત ઉપાય છે. 'ધન એ સંપત્તિ નથી, જીવન એ સંપત્તિ છે' નો અનુભવ કરાવે તેવું છાત્રાલય હોવું જોઈએ.

લોકભારતીમાં તમે અધ્યેતા બનો કે અધ્યાપક નિવાસ 'ફરજિયાત' છે. સંસ્થામાં દસ પ્રકારના છાત્રાવાસ આવેલા છે. પચાસ વિદ્યાર્થીઓ વચ્ચે એક ગૃહપતિ છે, જે ગૃહપતિ છે તે તેના અધ્યાપક પણ છે. પરિણામે સંસ્થામાં અનુશાસનમાં ક્યાંય તકલીફનો સામનો કરવો પડતો નથી. તમામ ગૃહપતિ-ગૃહમાતાઓની દર શનિવારે મિટિંગ યોજવામાં આવે છે. જેમાં નિયામક, ઉપનિયામક, સહનિયામક, તમામ આચાર્યને ફરજિયાત જોડાવાનું હોય છે. કોઈપણ તહેવારની રજા આપવામાં આવતી નથી. દરરોજ અઢી કલાકનો શ્રમ ફરજિયાત છે. કમ્પ્યૂટર શિક્ષણ અને સ્પોકન ઈંગ્લિશ તમામ અભ્યાસક્રમમાં ફરજિયાત બનાવી દેવામાં આવેલ છે. અહીં સેવકથી લઈને નિયામક સૌ કોઈને 'ભાઈ' થી સંબોધન કરીને બોલાવવામાં આવે છે. અરુણભાઈએ કહ્યું કે, 'માણસ બધું છોડે, પણ પ્રતિષ્ઠા ન છોડે. કોઠાસૂઝ અને અનુભવ દ્વારા

જ્ઞાન મળે તેનાથી વ્યક્તિ ઘડાય છે. લોકભારતીમાં સમાજનું આડકતરી રીતે શિક્ષણ થઈ રહ્યું છે.'

નઈતાલીમ એ તો જીવનનું એક નવું દર્શન છે અને સમાજમાં અહિંસક ક્રાંતિ પેદા કરવી એ તેનું મુખ્ય પ્રયોજન છે. જેટલે અંશે વ્યક્તિના તેમજ સમાજના જીવનમાંથી વર્ગભેદ, ઊંચનીચના ભેદ, અર્થભેદ વગેરે નાબુદ થયા હોય તેટલે અંશે નઈતાલીમ સફળ ગણાય. નઈતાલીમ એ સામાજિક મૂલ્યાંકનમાં અને ઊંચનીચના ખ્યાલોમાં ધરમૂળનો ફેરફાર છે, જેના પરિણામે વ્યક્તિમાં જે સાચું લાગે તે કરવાની હિંમત આવે છે. નઈતાલીમને જેમ ઘસો - જેમ ઉપયોગ કરો તેમ નવું દર્શન થાય. જેમ ચંદનને ઘસો તેમ સુગંધ વધે તેમ ક્ષણે ક્ષણે નવું દર્શન થતું જાય તો માનવું કે આપણે નઈતાલીમના ખરા માર્ગે છીએ. રોજ નવો રસ આવે તો એ તાલીમ ખરી. કંટાળો આવે તો માનવું કે ક્યાંક ભૂલ કરી છે. મેં જે કામ કર્યું છે તેમાં મને દિવસે દિવસે નવું દર્શન થતું જાય છે. તેથી મારા મનથી તો ખાતરી થઈ છે કે, 'નઈતાલીમ જ શિક્ષણનો રાજમાર્ગ છે.'

**નઈ તાલીમનાં હાર્દરૂપ તત્ત્વો (લક્ષણો) :**

- મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ.
- સંસ્થાનું વાતાવરણ (વિદ્યાર્થીકેન્દ્રી, શિક્ષક-વિદ્યાર્થી સંબંધો)
- સમાજસેવા - સંવેદના
- સાદાઈ અને સંયમ
- અનુકૂળ વાતાવરણ આધારિત વિદ્યા વિસ્તરણ (સામાજિક. પ્રાકૃતિક અને ઔદ્યોગિક)
- માતૃભાષા દ્વારા શિક્ષણ
- સ્વાશ્રયી શિક્ષક (સ્વાવલંબન)
- રાષ્ટ્રભાવના (દેશાભિમાન અને સ્વદેશી)
- સમૂહજીવન (છાત્રાલય, સહકાર, ચારિત્ર્ય ઘડતર)
- ઉત્પાદક ઉદ્યોગના માધ્યમથી શિક્ષણ
- અનુભવ અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ
- જીવાતા જીવન સાથેનું અનુબંધિત શિક્ષણ (સમાજ, પ્રકૃતિ ઉદ્યોગ)

માનવીના વ્યક્તિત્વનાં બે મહત્વનાં પાસાં છે. એક માલ-સંપત્તિ પેદા કરતા ઉત્પાદક તરીકેનું, અને બીજું સામાજિક રીતે જાગૃત નાગરિક તરીકેનું. આધુનિક સમાજનાં સ્ત્રી-પુરુષોનાં આ બંને પાસાંનો સમન્વય સાધવો એ લોકભારતીનું ધ્યેય છે. આ કેળવણી ઉચ્ચશિક્ષણની નઈતાલીમની છે. ગ્રામ ઉચ્ચશિક્ષણનો એક અભિનવપ્રયોગ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ - સણોસરા કરી રહી છે. તેનાં મુખ્ય ત્રણ કાર્યક્ષેત્રો છે. જેમાં -

1. **શિક્ષણ :-** સ્નાતક કક્ષાનો ત્રણ વર્ષનો યુનિવર્સિટી માન્ય અભ્યાસક્રમ : 'લોકસેવા મહાવિદ્યાલય', સ્નાતક પછીનો બે વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ : 'અનુસ્નાતક કેન્દ્ર', માધ્યમિક શાળાઓના શિક્ષકો તૈયાર કરવા સ્નાતક પછીનો એક વર્ષનો અભ્યાસક્રમ : 'સ્નાતક નઈતાલીમ પ્રશિક્ષણ કેન્દ્ર', પ્રાથમિક શાળાના શિક્ષકો તૈયાર કરવા માટે બારમા ધોરણ પછીનો બે વર્ષનો અભ્યાસક્રમ : 'પ્રાથમિક શિક્ષક તાલીમ કેન્દ્ર' અને ગ્રામ પંચાયતના તલાટી, મંત્રી અને સરપંચોને તાલીમ આપતો ટૂંકાગાળાનો અભ્યાસક્રમ : 'પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર'.
2. **સંશોધન :** કૃષિ બાગાયત સંશોધન કેન્દ્ર, ગૌશાળા અને સામાજિક - આર્થિક સર્વેક્ષણ.
3. **વિસ્તરણ :** ગ્રામદત્તક યોજના, ગ્રામોત્કર્ષ શિક્ષણના પ્રચારના કાર્યક્રમો, અવૈધિક - શિક્ષણ અને પ્રૌઢ - શિક્ષણનાં કેન્દ્રો, લોકવિજ્ઞાન કેન્દ્ર, જળસંગ્રહ કાર્યક્રમો, સહકારી મંડળીઓ અને પ્રકાશન.

ઉપરાંત બીજા જે પૂરક વિભાગો ચાલે છે તેમાં ખેતી અને બાગાયત, ગૌશાળા, નર્સરી (પ્રતિવર્ષ દસ હજાર કલમનું વેચાણ થાય છે.), ગ્રંથાલય (અડતાલીસ હજાર પુસ્તકો અને બસો સામયિકો), વિજ્ઞાન પ્રયોગશાળા, દ્રશ્ય - શ્રાવ્ય ઉપકરણ વિભાગ, કોઠાર (વિદ્યાર્થીઓ અને કાર્યકરો માટે જરૂરી તમામ ચીજવસ્તુઓ તેમાંથી મળી શકે છે.) તથા વિદ્યાર્થી

ગ્રાહક સહકારી ભંડાર.

આ મુલાકાત અમારા સૌના માટે અવસર પણ બની ગઈ. આ જ દિવસે કવિ પ્રહ્લાદ પારેખના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે સાહિત્ય પરિષદ દ્વારા લોકભારતી ખાતે 'પરિસંવાદ : પ્રહ્લાદ પારેખની કવિતા'નું આયોજન કરવામાં આવેલું. જેમા આપણી માતૃભાષાના જાણીતા કવિઓ શ્રી રઘુવીર ચૌધરી, ડૉ. નીતિન વડગામા, હર્ષદ ત્રિવેદી, વિનોદ જોશી, મનોહર ત્રિવેદી, હરિકૃષ્ણ પાઠક અને ચંદ્રકાન્ત શેઠના સૌના દર્શન-વાણી-કવિતાના રસાસ્વાદનો લાભ મળ્યો.

કેટકેટલા વિભાગોનો પરિચય આપવો ? સાક્ષ્ય મુલાકાત જ હૃદયાનુભૂતિ બની રહેશે. મૂલ્યો પરિવર્તનશીલ છે. સમયકાળની અસર થતી હોય છે. પરંતુ સાંપ્રત પરિસ્થિતમાં જે કાંઈ વિદ્યમાન છે તે વંદનીય છે. માણસ ટેક્નોલોજીથી થાકી લોથપોથ થઈ જશે, મોબાઈલ સાંપ્રત થતાં બંધ થઈ જશે, યંત્રો હાંફવા લાગશે ત્યારે ફરી પાછાં આપણને નઈતાલીમનાં તત્ત્વો કે લક્ષણો છે તેના ખોળે હીંચક્યા વગર જગતને હલાવી શકવાની ક્ષમતા પ્રાપ્ત થવાની નથી. તમે યોગ કરો, ઉપવાસ કરો પણ સ્વાશ્રય, સાદાઈ અને સંવેદનશીલતા માણસમાં નહીં હોય ત્યાં સુધી મુકામ સુધી પહોંચી નહીં શકાય. માણસને ઊગવા દે અને ઊભો રહેવા દે તેવા શિક્ષણની જરૂર છે.

અમો, દિવ્ય ભૂતકાળ, પ્રશંસનીય વર્તમાન અને ઉજળું ભવિષ્ય ધરાવતી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ - સણોસરા સંસ્થાના દર્શન કરી ધન્ય થયાં. અમારી સંસ્થા મુલાકાત અદ્વિતીય બની રહી. શું તમે નઈતાલીમના સિદ્ધાંતોને અને આજના સમયની જરૂરિયાતને લઈને તેના પાસાંઓને સમજવા માગતા હોવ તો તે માટે તમારે સંસ્થા દર્શન કરવું જ રહ્યું. ચાલો... તમે શું વિચારો છો ?

❑

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

## સદ્વાચનની વૃત્તિને ખીલવવાના ઉપાયો

- ***જે વાંચવાનું બાકી છે તેની યાદી રાખો :*** *એક યાદી પણ તૈયાર કરવી જરૂરી છે કે ભવિષ્યમાં તમારે કયાં પુસ્તકો વંચવાનાં છે. એકવાર સારાં પુસ્તકો વાંચવાની શરૂઆત કરશો પછી સારાં પુસ્તકોની સૂઝ અને રસ આપોઆપ કેળવાઈ જશે. આ રીતે તમે તમારો જુસ્સો જાળવી શકશો.*
- ***ટેલિવિઝન બંધ રાખો :*** *ટેલિવિઝન, સમયનો સૌથી વધુ વ્યય કરનારું માધ્યમ સાબિત થયું છે. સફળ વાંચન માટે ટેલિવિઝન જોવાનું વ્યસન ન પાડો. તમારાં સંતાનો માટે પણ એવી જ કાળજી રાખો. ટેલિવિઝન અત્યંત અનિવાર્ય હોય તેટલું જ ચાલુ રાખશો તો સારી રીતે સમય અને એકાગ્રતા પ્રાપ્ત કરી શકશો. આવો જ સંયમ ઈન્ટરનેટની બાબતમાં પણ જાળવો.*
- ***વાંચી ન શકો ત્યારે શ્રવણ કરો :*** *ઘણાં બધાં પુસ્તકો ઓડિયો-સીડીના સ્વરૂપે ઉપલબ્ધ છે. જો આપ વાંચન માટે સમય ન ફાળવી શકતા હો કે બીજી રીતે અનુકૂળતા ન હોય તો કાર ચલાવતી વખતે અથવા અન્ય સાનુકૂળ સમયે આપ શ્રવણ કરી શકો છો.*
- ***સારા વાચકો સાથે સંબંધ વધારો :*** *સામાન્ય રીતે સારા વાચકો મહિનામાં એકવાર અથવા તો વધુ વખત મળીને વાચન વિશે ચર્ચા કરતા હોય છે.કુટુંબમાં દરેક સભ્ય એક પુસ્તક વાંચવાની ટેવ પાડે ને પછી મહિને કે પંદર દિવસે તેની ગોષ્ઠિ રાખે તો તેમાં વધુ આનંદ આવશે. આમ કરવાથી વિચારોની આપ-લે પણ કરી શકશો. ભવિષ્યના વાચન માટેના પુસ્તકોની યાદી પણ આ ગોષ્ઠિમાંથી જ બની જશે.*
- ***લાઈબ્રેરી તથા બુકસ્ટોલની મુલાકાત વારંવાર લો :*** *તમારા શહેર કે નગરમાં લાઈબ્રેરી હોય તો તેના સભ્ય થઈને નિયમિત તેની મુલાકાત લો. શક્ય હોય તો મહિને કે પંદર દિવસે એક નિશ્ચિત દિવસ 'લાઈબ્રેરી' ડે તરીકે આરક્ષિત રાખો. બુકસ્ટોલમાં પણ નિયમિત જવાથી નવાં નવાં પુસ્તકોની માહિતી મળે છે. સારી વાનગીઓ જોઈને મોંમાં રસ છૂટે તેમ ક્યારેક સારાં પુસ્તકો જોવાથી પણ વાચનનો રસ જાગી જાય છે.*

# શિક્ષકની સાધના

- વર્ષાબહેન પ્રજાપતિ

★

શાળાના વિકાસ પાછળ શિક્ષકનો પુરુષાર્થ તો છે જ પરંતુ કયા સમયે કોની સાથે કેવું વર્તન કરવું એ કુનેહથી તેઓ સૌનાં દિલ જીતતા ગયા અને શાળાના વિકાસમાં એક - એક પીછું ઉમેરતા ગયા

★

મારે દુર્ગમ વિસ્તારની એક શાળામાં શૈક્ષણિક કામે જવાનું થયું. રસ્તામાં જ મને જાણવા મળ્યું કે શાળામાં જવાનો પાકો રસ્તો ન હોઈ ચાલતાં જવું પડશે. ખેતરોના શેઢે-શેઢે દોઢેક કિ.મી. સુધી ચાલ્યા બાદ એક ટેકરીના ઢોળાવ પર નાનકડી શાળા જોવા મળી. વર્ગમાં ગયા બાદ મારી નજર એક ખૂણા પર પડી જ્યાં નાહવાના સાબુ, કપડાં ધોવાના સાબુ, નેઈલકટર, માથામાં નાખવાનું તેલ, સોય, દોરો, બટન વગેરે વસ્તુઓ થોડા પ્રમાણમાં પડી હતી. મેં પૂછ્યું, "તમે રામ હાટમાં આવી વસ્તુઓ પણ રાખો છો?" એક શિક્ષિકાએ મને જવાબ આપ્યો, "આ રામ હાટની વસ્તુઓ નથી પરંતુ બાળકોના વપરાશ માટે મૂકેલ વસ્તુઓ છે જે બાળકો નાહ્યા વિના શાળાએ આવે છે તેમના નાહવા માટેની અહીં વૈકલ્પિક વ્યવસ્થા કરેલી છે." એટલામાં તો બે-ત્રણ બાળકો વર્ગમાં આવ્યાં અને માથામાં નાખવાનું તેલ લઈ માથામાં નાખવા લાગ્યાં. આ શાળા એટલે આંબુડી ફળિયા વર્ગ લાભી, પ્રાથમિક શાળા, તા. શહેરા, જિ. પંચમહાલ.

શાળાની સ્થાપના 16-07-2001ના રોજ ધોરણ-1 નાં 25 બાળકોના વર્ગને ઓસરીમાં બેસાડવાથી કરવામાં આવી. જેની વર્ગ વ્યવસ્થા લાભી શાળાએથી કરવામાં આવી હતી. ત્યારબાદ લાભી શાળામાંથી વધમાં પડેલ બેનશ્રી અવનિકાબેનની નિમણૂક આ શાળામાં થઈ અવનિકાબેને અક્ષરજ્ઞાનની સાથે બાળકોને વાણી, વ્યવહાર અને વર્તનના પાઠ શીખવવાની શરૂઆત કરી 2003માં બીજા શિક્ષકશ્રી ચંદ્રકાન્તભાઈ પટેલ (અવનિકાબેનના પતિ) ની નિમણૂક શાળામાં થઈ. શાળામાં કોઈ જ ભૌતિક સુવિધાઓ નહિ. ગામલોકોના સહકારથી ડુંગરી પર ગૌચરની જમીન શાળા માટે ફાળવવામાં આવી જ્યાં શહેરાના ધારાસભ્યશ્રીના હસ્તે ત્રણ ઓરડાવાળી શાળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ગૌચરની જમીનમાં શાળાનું નિર્માણ થયું અને બાજુમાં જ સ્મશાન હોવાથી ગામલોકોમાં કેટલીક અંધશ્રદ્ધા પ્રવર્તતી હતી. જેના નિવારણ માટે ગાયત્રીયજ્ઞ અને વાસ્તુપૂજન કરી શાળા પ્રવેશોત્સવ યોજ્યો. ગામલોકોનાં દિલ જીતવાનું આ પ્રથમ પગથિયું હતું. આજે શાળામાં ધો 1 થી 5 સુધીના વર્ગો ચાલે છે અને 96 બાળકો તેમાં અભ્યાસ કરી રહ્યાં છે. શાળા ભૌતિક સુવિધાઓથી સજ્જ છે. આ બધાનો શ્રેય જાય છે. શાળામાં તન, મન અને ધનથી સમર્પિત થઈ કામ કરનાર દંપતી શ્રી ચંદ્રકાન્તભાઈ અને શ્રીમતી અવનિકાબેનને જેમણે શાળાને સાચા અર્થમાં મંદિર બનાવી છે.

- **ઊડીને આંખે વળગે તેવી શાળાની બાબતો**

- **ભૌતિક સુવિધાઓ**

તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓથી શાળા સજ્જ છે જેવી કે પાણી, વીજળીકરણ, સેનીટેશન, મધ્યાહન ભોજન માટે અલગ શેડ, શાળાનો ગેઈટ, કમ્પાઉન્ડ વોલ, સંગીતનાં સાધનો, ટી.એલ.એમ., કમ્પ્યૂટર (જે હમણાં જ ફાળવવામાં આવ્યા છે.) વગેરે

- **શાળાનું ડોક્યુમેન્ટેશન**

શાળામાં કરવામાં આવતી તમામ પ્રવૃત્તિઓની અલગ ફાઈલ બનાવવામાં આવી છે જેમાં દરેક પ્રવૃત્તિનો અહેવાલ ફોટા સાથે મૂકવામાં આવ્યો છે. વર્ષની શરૂઆતથી

જ આજનું ગુલાબ બનતા વિદ્યાર્થીઓની રોજે-રોજની યાદી તેમજ દરેક મહિના પ્રમાણે આવતા જન્મદિવસની યાદી પણ અલગથી બનાવવામાં આવી છે.

- **શાળા બગીચો**

ડુંગરી પર શાળા હોવા છતાં શાળામાં સુંદર બગીચો અને વૃક્ષો છે. પથરાળ જમીનમાં પાણી ન મળતાં વૃક્ષો સુકાઈ જાય. પરંતુ અહીં એવું બનતું નથી. વેકેશન દરમ્યાન બાળકોની ટીમ બનાવવામાં આવે છે. જેમાં આ શાળામાં 1 થી 5 સુધી અભ્યાસ કર્યા બાદ ઉચ્ચ ધોરણમાં અન્ય શાળામાં ભણતાં બાળકોનો પણ સમાવેશ કરવામાં આવે છે આ ટીમનો એક લીડર નીમવામાં આવે છે. લીડરને હાજરીપત્રક આપવામાં આવે છે જે બાળકો નિયમિત શાળાના બાગની સફાઈ અને પાણી પાવા માટે આવે તેમની હાજરી પૂરવામાં આવે છે. આ તમામ બાળકોએ જેમણે કામ કર્યું હોય તેમને શાળા ખૂલતાંની સાથે પ્રોત્સાહન ઈનામ આપવામાં આવે છે વળી શાળામાં બોર હોવાથી, બાળકો તે ચાલુ ન કરી શકે તે માટે ગામના કોઈ વ્યક્તિને બોરની મોટર ચાલુ - બંધ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

- **કીચન ગાર્ડન**

શાળાના એક ખૂણામાં બાળકો દ્વારા શાકભાજી ઉગાડવામાં આવે છે. જેનો ઉપયોગ મધ્યાહન ભોજન યોજનામાં બાળકો માટે કરવામાં આવે છે.

- **યોગ**

રાજ્યની તમામ શાળાઓમાં પ્રાર્થના સભામાં યોગ કરવામાં આવે છે. પરંતુ આ શાળામાં ધો-5 નો વિદ્યાર્થી ભૂપેન્દ્ર જે રીતે કમાન્ડ આપીને યોગ કરાવતો હતો તે જોઈ વિશેષ આનંદ થયો. તેનો કમાન્ડ સાંભળ્યા બાદ બાળકોને જાણે યોગ કરવાની ફરજ પડતી હોય તેવી તેની કમાન્ડ આપવાની કળા હતી અને જે કેળવવામાં તેના શિક્ષકનું યોગદાન હતું.

- **પ્રેરક પ્રસંગો**

શાળાના શિક્ષક શ્રી ચંદ્રકાન્તભાઈ સાથે વાત કરતાં જાણવા મળ્યું કે શરૂઆતમાં ઘણી મુશ્કેલીઓ આવી પણ ધીમે-ધીમે મુશ્કેલીઓને હકારાત્મક સ્વરૂપ આપતા ગયા. શાળામાં સરકારશ્રી તરફથી લપસણી આપવામાં આવી હતી. તેને શાળામાં ગોઠવવામાં આવી. આ લપસણી ઉપરથી એક બાળક પડી ગયો જેને વાગ્યું. પરિણામે તેના વાલી શાળામાં આવ્યા અને લપસણી કાઢી નાખવા જણાવ્યું. ચંદ્રકાન્તભાઈએ લપસણી કઢાવી મૂકી દીધી. ધીમે ધીમે પેલા વાલીને સમજાયું કે આ ખોટું થયું છે અને સમય જતાં બાળકો લપસણી પર રમતાં થઈ ગયાં.

આવો જ બીજો પ્રસંગ છે. સી.આર.સી. કક્ષાના વિજ્ઞાન મેળામાં જે કૃતિ લઈ જવાની હતી તેમાં બાવળના વૃક્ષની એક મોટી ડાળીની જરૂર હતી. ચંદ્રકાન્તભાઈએ બાળકોને તે લાવવા જણાવ્યું. બાળકો કોઈકના ખેતરની વાડમાંથી એક ડાળી લઈ આવ્યા. ખેતરના માલિકને જાણ થતાં શાળામાં આવી રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. ચંદ્રકાન્તભાઈ બાળકો સાથે જે - તે જગ્યાએ ગયા અને બીજા કાંટા કાપી લાવી તેમના ખેતરની વાડ સરખી કરી. સમય જતાં પેલા ભાઈને પોતાની ભૂલ સમજાઈ અને તેમણે પોતાના વર્તન વિશે ક્ષોભ વ્યક્ત કર્યો.

આ બંને પ્રસંગોએ જો તેઓ ઉગ્ર બન્યા હોત તો શાળાના વિકાસમાં ગામલોકોનો સહકાર ન મેળવી શક્યા હોત. પરંતુ દરેક બાબતને હકારાત્મક દૃષ્ટિકોણથી વિચારવાથી ચંદ્રકાન્તભાઈ શાળાનો ઉત્તરોત્તર વિકાસ કરવામાં સફળ થયા છે. શાળાના વિકાસ પાછળ ચંદ્રકાન્તભાઈનો પુરુષાર્થ તો છે જ પરંતુ કયા સમયે કોની સાથે કેવું વર્તન કરવું એ કુનેહથી તેઓ સૌનાં દિલ જીતતા ગયા અને શાળાના વિકાસમાં એક - એક પીછું ઉમેરતા ગયા શાળાના અન્ય શિક્ષકો મહેશભાઈ અને નીરૂબેન પણ એમની ટીમમાં ખભે ખભો મિલાવીને ખંતથી બાળકોના ઘડતરનું શ્રેષ્ઠ કામ કરી રહ્યા છે. શૈક્ષણિક દૃષ્ટિએ પણ બાળકોના વિકાસનો આંક ઊંચો રહ્યો છે. જે શાળાનાં બાળકો સાથેની મુલાકાત પરથી જાણી શકાય છે. અને એટલે જ કહેવાનું મન થાય છે.

"બહુજન મળી જે કામ કરે તે એકે નવ થાય,
સાવરણી ઘર સાફ કરે, એક સળીથી નવ થાય."

ચંદ્રકાન્તભાઈ, અવનિકાબેન મહેશભાઈ અને નીરૂબેનના સહિયારા પ્રયત્નથી તેઓ શાળાને આગવી ઓળખ આપી શક્યા છે. દરરોજ ખેતરના શેઢે શેઢે ચાલીને આવવા છતાં આ શિક્ષકો ખંત અને કુનેહથી કામ કરી નાનકડા ગામડામાં ભારતના ભાવિને એક કુંભારની જેમ ટકોરા મારી-મારીને ઘડી રહ્યાં છે ત્યારે હૃદયોર્મિમાંથી શબ્દો સરે છે, "શિક્ષક ધારે તો ડુંગર પર ડાંગર પકવી શકે."

❑

સિનિયર લેકચરર,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સંતરામપુર

# વાંચવા - વસાવવાલાયક પુસ્તક

- કલ્પેશ પટેલ

★

જીવરામ જોષીએ ગુજરાતના બાળસાહિત્યમાં અમર થઈ ગયેલ પાત્ર મિયાં ફુસકીનું સર્જન કર્યું છે. તેમજ તભા ભટ્ટનાં પાત્રો દ્વારા રમૂજ - ચાતુર્ય અને સાહસ પ્રદર્શિત કરતી વાર્તાઓ જીવરામ જોષીએ ગુજરાતને ભેટ ધરી છે.

★

(જીવરામ જોષીની કેટલીક બાળવાર્તાઓ : સંપાદક - ડૉ. કિરીટ એચ. શુકલ પૃષ્ઠ - 256, મૂલ્ય : રૂા. 50-00, પાકું પૂઠું, ડિમાઈ સાઈઝ, પ્રકાશક - ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર)

કવિ કલાપીએ ગાયેલું કે, 'જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી !' સારાં પુસ્તકો આપણા મિત્રની ગરજ સારે છે. એમાંય શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલી વ્યક્તિઓ માટે તો પુસ્તકો મિત્ર તત્ત્વજ્ઞ અને માર્ગદર્શકની ભૂમિકા નિભાવે છે.

આપણે સૌ પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલાં છીએ. સ્વાભાવિક રીતે જ બાલકેન્દ્રી પુસ્તકમાં આપણને વધુ રસ પડે. આજે એવા જ એક બાલોપયોગી પુસ્તકનો પરિચય કરીએ.

પુસ્તકનું શીર્ષક છે : 'જીવરામ જોષીની કેટલીક બાળવાર્તાઓ.' આપણે સૌ જીવરામ જોષીના નામથી અજાણ નથી. બાળસાહિત્ય ક્ષેત્રે એમનું પ્રદાન નોંધપાત્ર કહી શકાય એવું છે. જીવરામ જોષીની વિપુલ વાર્તાઓમાંથી ચયન કરીને શ્રી ડૉ. કિરીટ એચ. શુકલે 34 વાર્તાઓ સંપાદિત કરી આપીને સંપાદકધર્મ બજાવ્યો છે.

જીવરામ જોષીએ ગુજરાતના બાળસાહિત્યમાં અમર થઈ ગયેલ પાત્ર મિયાં ફુસકીનું સર્જન કર્યું છે. મિયા ફુસકીથી અજાણ હોય એવો ગુજરાતી નાગરિક ભાગ્યે જ મળે. મિયા ફુસકી તેમજ તભા ભટ્ટનાં પાત્રો દ્વારા રમૂજ - ચાતુર્ય અને સાહસ પ્રદર્શિત કરતી વાર્તાએ જીવરામ જોષીએ ગુજરાતને ભેટ ધરી છે. એવી જ રીતે છકો - મકો, અડુકિયો - દડુકિયો, છેલ - છબો જેવાં અન્ય પાત્રો પણ જીવરામ જોષીની જ દેણ છે.

સંપાદકશ્રીએ પસંદ કરેલી 34 વાર્તાઓ પૈકીની પ્રારંભિક 8 વાર્તાઓ પૌરાણિક કથાવસ્તુ ધરાવે છે. બાકીની ઘણીખરી વાર્તાઓનું વિષયવસ્તુ ઈતિહાસ આધારિત છે. બાળવાર્તાઓનાં શીર્ષકો લેખકે સાદાં-સીધા અને સરળ રાખ્યાં છે જેમ કે - 'અદેખાઈ', 'એકના હજાર', 'મહાબલી,' 'કડવી વાત' વગેરે. લેખક પોતે બાળકો માટે વાર્તા લખી રહ્યા છે એ ભૂલતા નથી. બાળકોને કથારસની સાથે બોધ પણ પ્રાપ્ત થાય એની કાળજી પણ રાખી છે. પુરાણ કે ઈતિહાસની કથા તેમણે આજના બાળકને ઉપયોગી થાય એ રીતે જ રજૂ કરી છે. જેમાં તેમની બાળસાહિત્યકાર તરીકેની સજ્જતાનાં દર્શન થાય છે.

'અદેખાઈ' વાર્તા પ્રમાણમાં લાંબી લાગે પણ લેખકે સાદ્યંત રસ જાળવી રાખ્યો છે. ઈન્દ્ર, અંગિરસ, બૃહસ્પતિ જેવાં પાત્રોના મોંમાં મુકાયેલા સંવાદો બાલભોગ્ય છે. વાર્તાના અંતે લેખક એક પંક્તિમાં જણાવે છે કે, 'અભિમાન અને અદેખાઈથી કેવું જેમાં સર્જક તરીકે તેમની કુશળતા છે.

'એકના હજાર' વાર્તા આપણાં પુરાણોમાં પ્રખ્યાત સત્યકામ જાબાલાના જીવન પ્રસંગને વર્ણવે છે. સત્યકામ પોતાના નામની પાછળ પોતાની માતા જાબાલાનું નામ રાખે છે. ગુરુની કસોટીમાંથી પોતાના ધીરજના ગુણ થકી એ પાર ઊતરે છે. અને ગુરુની આશિષ પામે છે. 'દાનમાં દીકરો' વાર્તામાં પણ પુરાણપ્રસિદ્ધ નચિકેતાનો પ્રસંગ બાળવાર્તા સ્વરૂપે રજૂ થયો છે. જેમાં નચિકેતા પોતાના પથભ્રષ્ટ પિતાને પડકારતો જોવા મળે છે. એવી જ રીતે 'સાચી હોળી' બાળવાર્તાનો પ્રહ્‌લાદ પણ તેજસ્વી બાળક છે. એ પોતાના પિતાની પૂરતી અદબ જાળવીને એમને કહે છે - "મા-બાપ કહે તેમ કરવું એ પુત્રનો ધર્મ છે. પણ મા-બાપની વાત ખોટી હોય તો તે ખોટી છે એમ કહેવું એ પણ ધર્મ છે."

પૌરાણિક કથાવસ્તુ ધરાવતી બાળવાર્તાઓની જેમ જ લેખકે જગતનાં કેટલાંક મહાન ચરિત્રોની પણ બાળવાર્તાઓ આપીને પરોક્ષ રીતે મૂલ્યશિક્ષણનું કાર્ય કર્યું છે. ચરિત્રલક્ષી બાળવાર્તાઓમાં બુકર ટી. વોશિંગ્ટન, શ્યામજી કૃષ્ણ વર્મા, ભગત સિંહ, ચંદ્રશેખર અને નર્મદ વિષયક વાર્તાઓનો સમાવેશ થાય છે.

જીવરામ જોષી પાસે વાર્તા-માંડણીની અદ્‌ભુત કળા છે. વાર્તાનો આરંભ ઘણીવાર ભૂતકાળને બદલે વર્તમાનકાળમાં કરીને તેઓ વાચકોને (બાળકોને) વાર્તારસમાં તરત જ તરબોળ કરી દે છે. સંગ્રહની 'અભિમાન' વાર્તા અને 'મૂરખ ના બનશો વાર્તા' આનું જીવંત ઉદાહરણ છે. 'અભિમાન' વાર્તાનો આરંભ જુઓ - 'રાત વહે છે, વનની વાટ છે, માથે પોટલાં છે અને ત્રણ ભીલ ચાલ્યા જાય છે.' (પૃ - 40) એવી જ રીતે - મૂરખ ના બનશો 'વાર્તામાં ટૂંકાં - ટૂંકાં વાક્યો, બલકે ક્રિયાપદ વિનાનો આખો એક ફકરો મૂકીને લેખકે ધાર્યું નિશાન પાડ્યું છે. : 'નગર પાટણ...' (પૃ - 103) અંધારી રાતના કોયડા 'વાર્તામાં પણ લેખકની વાર્તાસૂઝનાં દર્શન થશે. લેખકે વાર્તા આ રીતે શરૂ કરી છે. 'રાજા બુદ્ધિપ્રિય, પ્રધાન વિદ્યા પ્રિય, રાણી ફૂલપરી... (પૃ - 147)

અહીં સંપાદિત થયેલી બાળવાર્તાઓની મુખ્ય વિશેષતા એમાંની કથનશૈલી છે. ભલે આ છપાયેલી વાર્તાઓ હોય પરંતુ કહેણીની રીતમાં મૂકી આપી હોવાથી ધારી અસર નીપજે છે. આમ પણ બાલભોગ્ય વાર્તાઓ માટે અભિવ્યક્તિ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. બે-ચાર ઉદાહરણો જોઈએ.

'બડી ચિંતા કઈ? બૂરી દશા કઈ?' વાર્તાની શરૂઆત જુઓ; કાળિદાસ જેવો કવિ નહિ અને ભોજ જેવો રાજા નહિ. ભોજ રાજાની સભામાં પંડિતો ઘણા. એક એકથી ચડે એવા. સૌથી ચડે કવિ કાળિદાસ... (પૃ-84) આ રીતે કાળિદાસની પ્રશસ્તિ સાથે વાર્તા આગળ વધે છે. 'પરોપકાર' વાર્તામાં પણ લેખક આછા લસરકા વડે વાતાવરણ ખડું કરે છે :- 'પંડિતો બેઠા છે. કવિઓ બેઠા છે. કળાકારો અને ગુણી માણસો બેઠા છે. એક ઊંચા આસને કવિ કાળિદાસ બેઠા છે. અને એથી ઊંચા આસને રાજા ભોજ બેઠા છે. રાજા ભોજની સભા મળી છે. (પૃ-88) તો વળી, 'માણસાઈ' જેવી વાર્તામાં લેખક શરૂઆત આ રીતે કરે છે : 'મિર્જાહુસેન ગ્વાલિયરમાં રહે. બડા સંગીતકાર. રાજાના માનીતા અને લોકોના લાડીલા... (પૃ-122) ને વાર્તામાં વાચક ભાવક - બાળકનો તરત જ વિષય પ્રવેશ થઈ જાય !

કથન - વર્ણનમાં સાદગી સાથેનુ સૌંદર્ય હોવાથી આ વાર્તાઓ રસપ્રદ રહીને પણ ધાર્યો બોધ આપવામાં સફળ રહે છે. વળી લેખકે સંવાદ - કળામાં પણ જરાય કાચું કાપ્યું નથી. સંવાદો પાત્રો પ્રમાણે - પાત્રોચિત ભાષા પ્રગટ કરે છે, તો ટૂંકા તેમ અસરકારક પણ બન્યા છે. સંવાદો પાત્રના મનને સુંદર રીતે ખોલી આપે છે. જુઓ :-

"શેઠે રામદાસને પૂછ્યું : 'તારા વર્ગમાં પહેલો વિદ્યાર્થી કોણ છે?' રામદાસે કહ્યું - 'શામજી કૃષ્ણ વર્મા નામનો છોકરો છે. બે વાર શેઠે પૂછ્યું એવામાં વાર્ષિક પરીક્ષા થઈ. શેઠે પોતાના દીકરાને પૂછ્યું :- 'પરીક્ષામાં પહેલું કોણ આવ્યું?'

રામદાસ કહે - 'શામજી કૃષ્ણ વર્મા'

શેઠ બોલ્યા - 'એ કોનો દીકરો છે ?'

રામદાસ કહે - એની મને ખબર નથી.

શેઠ કહે - 'કાલે એને બોલાવી લાવજે' (પૃ-165)

જીવરામ જોષીની એક બાળ સાહિત્યકાર તરીકેની સિદ્ધિ એ છે કે, વાર્તાના માધ્યમથી તેઓ પરોક્ષ રીતે મૂલ્યશિક્ષણનું કાર્ય પણ બજાવતા જણાય છે અગાઉ જેનો ઉલ્લેખ કર્યો તે વાર્તા, 'માણસાઈ' માં સંગીતકાર મિરઝા હુસેનની જીવનકથા રોચક શૈલીમાં વર્ણવીને લેખકે હિન્દુ - મુસ્લિમ જેવા ભેદો ઓગાળીને 'માણસાઈ' રૂપી ધર્મની આહલેક જગાવી છે. લેખક પાસે અભિવ્યક્તિની કળા હોઈ સીધા ઉપદેશ સમાં વાક્યો પણ વાર્તાના રસમાં ક્ષતિ ઉત્પન્ન કરતાં નથી. જુઓ : 'ગુણવાન માન પામે છે. બુદ્ધિમાન અને મહેનતુ માણસ ધન મેળવે છે. વિવેકી અને આજ્ઞાંકિત વિદ્યાર્થી વિદ્યા મેળવે છે. (પૃ - 122)'

ટૂંકમાં કહું તો, 'જીવરામ જોષીની કેટલીક બાળવાર્તાઓ' એક વાંચવા - વસાવવાલાયક પુસ્તક છે. શાળા ગ્રંથાલયની સમૃદ્ધિ વધારનારું પુસ્તક છે. પુસ્તકનું સંપાદન કાર્ય કરનાર ડૉ. કિરીટ શુકલ પાસે સંપાદન કર્મનો અનુભવ છે તેમજ બાળસાહિત્યની સમજ પણ છે જેની પ્રતીતિ એમના પ્રારંભિક કથનમાંથી મળે છે. એમણે આ સંપાદનને સફળ અને સબળ બનાવવા કરેલો શ્રમ ફળ્યો હોય એવું જણાય છે વળી, પુસ્તકનું પ્રોડકશન અને કાગળ બધું જ ઉત્તમ છે. પાકું પૂઠું છે તે પ્રમાણે કિંમત નગણ્યશી છે. બાળવાર્તાનું પુસ્તક હોઈ સંપાદકે અંગત રસ દાખવીને બ્લેક એન્ડ વ્હાઈટ ચિત્રો પણ મૂક્યાં છે. જેમાં કથાવસ્તુને ધ્યાનમાં રખાયું છે.

ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે આ બાળવાર્તાઓ પ્રેરક પ્રોત્સાહક અને મનોરંજક પુરવાર થશે એવી શ્રદ્ધા સાથે સંપાદક - પ્રકાશકને અભિનંદીએ.

❑

પ્રાથમિક શાળા રાજાજીના મુવાડા,
તા. દહેગામ, જિ. ગાંધીનગર

## અભિનંદન



ગુજરાતી સાહિત્યના નવોદિત વાર્તાકારોને સ્થાન આપવા અને પ્રોત્સાહિત કરવા 'મમતા' (ગાંધીનગર) વાર્તા માસિક દ્વારા ગુજરાતી ભાષાની આંતર રાષ્ટ્રિય સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કચ્છ જિલ્લાના કોટડા (રોહા) તા. નખત્રાણાના સી.આર.સી. કૉ. ઓર્ડિનેટર શ્રી રમેશ રોશિયાની વાર્તા 'અંધારું - અજવાળું' પ્રથમક્રમે વિજેતા નીવડી છે. આ અગાઉ પણ તેમને કચ્છ જિલ્લાની વિવિધ વાર્તા સ્પર્ધાઓમાં ઈનામો મળેલ છે.



અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન દ્વારા દર વરસે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ આપવામાં આવે છે. જેમાં ઈ.સ. 2011નો એવોર્ડ માટે શ્રી રમેશભાઈ એન. પરમાર (પ્રાથમિક શાળા, માંડવી - તા. ગારીયાધાર, જિ. ભાવનગર) પસંદગી પામેલ છે. જે એવોર્ડ પહેલી મે ના રોજ એનાયત થનાર છે.

જીસીઈઆરટી તરફથી બન્ને શિક્ષક મિત્રોને અભિનંદન પાઠવવામાં આવે છે.

**સહુએ હાથની પાંચ આંગળીઓની જેમ રહેવું જોઈએ.**
**એ સાથે છે તો બધું જ કામ કરી નાંખે છે, કારણ કે એમાં એકતા હોય છે.**
**- વિનોબા ભાવે**

# આમ પણ બને !

- સંકલન

આ વિભાગ શિક્ષકોમાં ભારે લોકપ્રિય થતો જાય છે. જે આપના દ્વારા મળતા પ્રતિભાવ દ્વારા સ્પષ્ટ થાય છે.

★

તમે પણ તમારી શાળા, વર્ગખંડના કે કોઈ અન્ય એવો મૂલ્યલક્ષી અને પ્રેરણાદાયી પ્રસંગ મોકલી શકો છો.

★

## બાળકોની પ્રાર્થના

- અનવર એમ. વોરા

મારી શાળાનાં બાળકો - શિક્ષણગણ તેમજ અન્ય મિત્રોની પ્રાર્થના સ્નેહીજનોની દુઆથી હું મૃત્યુ દ્વારે ટકોરા મારી "અમૃત" હોસ્પિટલમાંથી "જીવિત" બહાર આવ્યો. શું બાળકોની કાલીઘેલી ભાષામાં થયેલી પ્રાર્થનામાં એટલી તાકાત હતી કે, તેમના વહાલા શિક્ષકને મૃત્યુ દ્વારેથી પાછો લઈ આવે ? હા એ શક્ય બન્યું. તા. 26-1-2012 ના રોજ પ્રજાસત્તાક દિને મારા પિતાએ શાળામાં ભણતાં ગામમાંથી અન્યત્ર જઈ ભણતાં બાળકોને ભોજન સમારંભ યોજી ભોજન કરાવી તેમની મન્નત પૂરી કરી.

મારી શાળામાં પ્રાર્થના સંમેલન દરમ્યાન "આજનો દીપક" પ્રવૃત્તિ નિયમિત થાય છે. જે બાળકોનો જન્મદિવસ હોય તેમને પ્રાર્થના સંમેલનમાં ઊભાં કરી "ગુલાબ" નું ફૂલ આપી "જન્મદિન" શુભેચ્છા પાઠવવામાં આવે છે. એ દરમ્યાન હું માઉથ ઑર્ગન (હારમોનિકા) પર "બાર - બાર દિન એ આયે" ગીતની ધૂન વગાડું છું. અને બાળકો ગીત ગાતાં હોય છે.

મારી શાળાનાં બાળકોની પ્રાર્થનાની તાકાત વડે હું મૃત્યુ બિછાનેથી બેઠો થઈને ફરી બાળકોના જન્મદિવસની શુભેચ્છા પાઠવવા માઉથ ઓર્ગન પર જન્મ દિવસની ધૂન સંભળાવવા તેમની વચ્ચે પહોંચી ગયો.

શાળાના બાળકોનો મારા શિક્ષક ગણ - મિત્રોનો મારા અન્ય મિત્રો તેમજ સ્નેહી સગાં-સંબંધીઓનો હું હુંમેશાં ઋણી રહીશ. સાથે - સાથે મેં ક્યારેય જેમને જોયા નથી, મળ્યો નથી, ઓળખતો પણ નથી વળી ક્યારેય તેમને જોવાનો નથી, મળવાનો નથી તેવા ચાર "રક્તદાતા" મિત્રોનો પણ ઋણી રહીશ જેમના રક્તદાન વડે હું નવી જિંદગી પામ્યો છું અને એટલો જ ઋણી રહીશ "અમૃત હોસ્પિટલના ડૉક્ટર રાજીવ જોષી અને નર્સ સ્ટાફનો જેમના અથાગ પ્રયત્નો વડે હું I.C.C.U. માંથી જીવિત અને હસતો બહાર આવી શક્યો."

- આદર્શ પ્રાથમિક શાળા
ગવાસદ, તા. પાદરા, જિ. વડોદરા

●●●

## "સાહેબ, આવું ન થઈ શકે ?"

- શાળા પરિવાર

અમે ચાર બાળકો અને ત્રણ શિક્ષકો સાથે 2010 - 2011 ના ગણિત - વિજ્ઞાન પ્રદર્શનમાં રાજયકક્ષાએ ભાગ લેવા સાયન્સ સિટી અમદાવાદ જઈ રહ્યા હતા. અમે રાજયકક્ષાએ રજૂ થવાની હતી. બાળકોનો ઉત્સાહ જોઈ અમે ખૂબ જ રોમાંચિત હતા.

અમારી ટ્રેન મહેમદાવાદથી આગળ વધી રહી હતી. એવામાં લાઈટ જવાના કારણે અમારી ટ્રેન વચ્ચે થંભી ગઈ. સમય પસાર થવા લાગ્યો. એવામાં બાળવૈજ્ઞાનિક કરણે વિચાર દર્શાવ્યો કે, "સાહેબ, આ ટ્રેનમાંથી જ વીજળી ઉત્પન્ન ન થઈ શકે ?" પવન તો પુષ્કળ લાગે છે. પ્રવાસમાં આપણે પવનચક્કી તો જોઈ છે ને ! એના વિચારો સાંભળી અમારી કૃતિના શિલ્પકાર એવા ઉ.શિ. શ્રી આનંદભાઈ ખલાસીએ મનોમંથનના અંતે રેલગાડીમાંથી વીજળી ઉત્પન્ન કરી બીજા વર્ષે ખૂબ સુંદર મજાની કૃતિ તૈયાર કરી. જિલ્લા કક્ષાએ ખૂબ અભિનંદન મળ્યા અને ફરીથી સતત ત્રીજા વર્ષે રાજ્યકક્ષાના વિજ્ઞાનમેળામાં બે કૃતિ રજૂ કરવાનો અવસર મળ્યો. જેનાં વખાણ સાંસદશ્રી સી. આર. પાટીલ દ્વારા પણ થયા હતા. સતત ત્રણ વર્ષથી ગણિત - વિજ્ઞાન પ્રદર્શનમાં ગણદેવી તાલુકાનું ગૌરવ વધારવાનો મોકો મળવાના આ મંગળ પ્રસંગને અમે હંમેશાં સમૂહમાં વાગોળીએ છીએ અને આનંદ અનુભવીએ છીએ.

પ્રાથમિક શાળા ભાગડ
તા. ગણદેવી, જિ. નવસારી

●●●

## ગુણવત્તાયુક્ત સ્લેટનું સર્જન

- મહેન્દ્ર રાવલ

વલભીપુર તાલુકાનાં કેળવણી નિરીક્ષક શ્રી મમતાબેન ચૌહાણ દ્વારા વલભીપુર તાલુકાનાં પ્રાથમિક શાળાનાં બાળકોને સારી સ્લેટ મળી રહે તે હેતુથી એક પ્રૉજેક્ટ શરૂ કર્યો તેને "દાતાઓ દ્વારા આકાર પામેલ વલભી રાજા સ્લેટ (પાટી)" પ્રૉજેક્ટ નામ આપવામાં આવ્યું. આવો, આપણે આ પ્રૉજેક્ટ વિશે જાણીએ.

કેળવણી નિરીક્ષક તરીકે શાળાઓની મુલાકાતે જવાનું થાય. નિરીક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓનું લેખન - કાર્ય જોતાં સ્લેટ તુટેલી, સ્લેટમાં કલર ઊડી ગયો હોય, ખૂબ જ નાની સ્લેટ હોય તેવું જોવા મળ્યું. બાળકોને સારી સ્લેટ મળવી જોઈએ એવો વિચાર આવ્યો તે સમય દરમિયાન આણંદપુર પ્રાથમિક શાળામાં જવાનું થયું. ત્યાંના બધા જ વિદ્યાર્થીઓ પાસે સારી કન્ડીશનની સ્લેટ જોવા મળી. શાળાના આચાર્યશ્રીને પૂછતાં જાણવા મળ્યું કે પછાત ગામ હોય દાતાઓ દ્વારા 100 સ્લેટ શાળાને મળી છે. અને આ સ્લેટ શાળામાં જ રહે છે. લખવાના સમયે વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરે છે.

વલભીપુર તાલુકાની પ્રાથમિક શાળાના બધા વિદ્યાર્થીઓને સારી સ્લેટ આપવાનું મંથન ચાલતું ત્યારે "અક્ષર ગંગોત્રી" નામનું અમુલખભાઈ ભટ્ટ દ્વારા લખાયેલુ પુસ્તક વાંચવામાં આવ્યું તેમાં લેખકે કરેલા સંશોધન મુજબ ગુજરાતી ભાષાના બધા જ મૂળાક્ષરો માત્ર પાંચ આકૃતિઓના ઉપયોગથી જ બને છે તે જાણવા મળ્યું. એટલે વિચાર્યું કે આ પાંચ આકૃતિઓ બોર્ડરમાં વિદ્યાર્થીઓને મહાવરા માટે મૂકવી તેના મહાવરાથી વિદ્યાર્થીઓ સુવાચ્ય અક્ષરોથી બોજ વગર લેખનકાર્ય કરતા થાય તેવા હેતુથી ધોરણ એક અને બે ની સ્લેટની એક બાજુ બે સાઈડમાં આકૃતિઓ મૂકવામાં આવી અને વચ્ચેના ભાગમાં મૂળાક્ષરો તેમજ શબ્દો લખવાનાં ખાનાં દોરવામાં આવ્યાં તેમજ સુલેખન કાર્ય માટે લાઈનો પણ દોરવામાં આવી. સ્લેટની બીજીબાજુ 100 આંક માટે દશ લાઈનો ઊભી દોરવામાં આવી. આથી સમયનો બચાવ થશે. થોડી કોરી જગ્યા રાખી એક સાઈડમાં ઉપર તેમજ નીચે એક - એક ઈંચ જગ્યામાં 12 કેલિગ્રાફી અર્થાત સુંદર હસ્તાક્ષર કરવા માટેની પ્રારંભિક પ્રવૃત્તિઓ મુકવામાં આવી તેમજ ધોરણ ત્રણ માટે પણ તેની કક્ષાને અનુરૂપ ડિઝાઈન તૈયાર કરવામાં આવી.

સ્લેટમાં મૂળાક્ષરોની પાંચ આકૃતિઓનો ઉપયોગ કરવામાં માટે શ્રી અમુલભાઈ ભટ્ટની મંજૂરી માંગવામાં આવી આ રીતે નક્કી કર્યા મુજબની સ્લેટ તૈયાર કરાવવા શ્રી અજીતભાઈ સોલંકી સાથે સ્લેટ કંપનીના માલિકને રૂબરૂ મળવા ગયા. તેમના દ્વારા સારો પ્રતિસાદ મળ્યો. અમારી વાતમાં રસ લઈ હકારાત્મક વલણ અપનાવી જે સ્લેટ 66 રૂપિયામાં તૈયાર થતી તે 44 રૂપિયામાં તૈયાર કરી આપવા સંમત થયા.

હવે પ્રશ્ન હતો આ સ્લેટ વિદ્યાર્થીઓ સુધી કેમ પહોંચાડવી ? શાળાના આચાર્યો, બી.આર.સી., સી.આર. સી.અને દાતાઓના સહયોગથી વલ્લભીપુર તાલુકાની દરેક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વલભી રાજા સ્લેટ મળે તેવી વ્યવસ્થામાં સહયોગ આપવા કહ્યું. સૌનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. દરેક ગામમાંથી દાતાઓનો સહયોગ મળ્યો, તો કોઈ શાળામાં આચાર્ય અને શિક્ષકોના સહયોગ સારા, તો

કોઈ જગ્યાએ પોતાના અંગત પૈસા દાનમાં આપ્યા વળી રાજા સ્લેટ કંપનીના માલિકે પણ કહ્યું કે જ્યાં દાનની રકમ ન મળે ત્યાં મારા તરફથી સ્લેટ આપશો. આમ દાનની રકમમાંથી વલભીપુર તાલુકાની પ્રાથમિક શાળાનાં ધોરણ એકથી ત્રણ માં 4811 સ્લેટ અને ધોરણ પાંચ, છ, સાતમાં 235 સ્લેટ મળી કુલ 5046 સ્લેટો 2,22,024/- રૂપિયાની દાતાઓનાં સહયોગથી વલભીપુર તાલુકાનાં વિદ્યાર્થીઓને વલભી રાજા સ્લેટ આપવામાં આવી. શાળાના વિદ્યાર્થીઓને સારી સ્લેટ આપવાનું મારું સપનું સાકાર થયું. શિક્ષણનું કોઈ કાર્ય હાથમાં લઈએ તો અઘરું નથી એવી મારી માન્યતાને બળ મળ્યું.

શ્રીમતી જે. જે. મહેતા ગર્લ્સ હાઈસ્કૂલ,
શિહોર, જિ. ભાવનગર

●●●

## બાળકનો સંદેશ મેઘરાજને...

**- પ્રવીણ મકવાણા**

હું સાતમા ધોરણના વર્ગમાં પ્રવેશ્યો. સૌ પ્રથમ બાળકોને જુદાં જુદાં ફૂલો, બાગ બગીચા, વૃક્ષો અને જંગલની વાત કરી. ત્યારબાદ ગુજરાતી વિષયના ગદ્ય "ફુલપરીની વનરાઈ" ની શરૂઆત કરી. ગદ્યખંડની થોડી સમજૂતી આપ્યા બાદ આદર્શ વાચન માટે મેં એક ફકરાનું વાંચન કર્યું. સાંજના સાડા ચાર વાગ્યા હતા. આકાશ કાળું ડીબાંગ થઈ ગયું હતું. ઘનઘોર અંધારુ થઈ ગયું હતું. વીજળીના કડાકા પણ થવા લાગ્યા હતા. શાળાના વર્ગખંડોમાં લાઈટ પણ બંધ ગઈ હતી. વરસાદ હમણાં ખાબકશે એવું વાતાવરણ થઈ ગયું હતું. મેં વર્ગની પરિસ્થિતિ જાણ્યા વગર બાળકોને એક પછી એક ફકરાનું વાંચન કરાવવાની શરૂઆત કરી હતી. બાળકોને કંટાળો આવતો હતો. તેમાં એક વિદ્યાર્થી થોડીક શરમ તથા સંકોચ સાથે બોલ્યો "સાહેબ" વરસાદનું 'તેડાં' કાવ્ય ગવડાવો ને મેં પણ વર્ગની પરિસ્થિતિ જોઈ વાંચન બંધ કરાવ્યું. "ચાલો 'તેડાં' કાવ્ય ગાઈએ" એવું મેં જણાવ્યું. સૌ બાળકો તો રાજીનાં રેડ થઈ ગયાં. હોંશથી કાવ્યગાન સમૂહમાં શરૂ કર્યું.

"મોરલાનાં નોતરાં આવ્યાં ઓ મેઘરાજ ! વર્ષાને મોકલો !"

કાવ્યની ચાર પંક્તિ પૂર્ણ થઈ. ત્યાં જ આકાશમાંથી મેઘરાજે વર્ષારાણીને મોકલ્યાં. બાળકો બારીમાંથી વરસાદને જોતાં અને ઊંચા સાદે કાવ્ય ગાતાં જંતા હતાં. સતત ત્રણ વખત આ કાવ્યનું બાળકોએ ગાન કર્યું. વરસાદ અનરાધાર વરસ્યો. સાડાપાંચ વાગ્યા સુધી વરસાદ વરસ્યો. બાળકોને રજા થઈ હતી પણ વરસાદ વરસવાની રજા લેતો ન હતો. ઘણાં બાળકોને લેવા વાલીઓ આવ્યા હતાં. ગામનાં બાળકો તો વરસાદની હેલી જોઈ રાજી થઈ દોડતા ઘરે પહોંચી ગયા પણ સીમ વિસ્તારનાં વાડીમાં રહેતા બાળકોનાં વાલી આવ્યા ન હતાં. આથી લોયંગા વાડી વિસ્તારનાં દશ પંદર બાળકોને મૂકવા મારે જવું પડ્યું બાળકો પલળતાં હતાં. મારી પાસે છત્રી ન હોવાથી બસસ્ટેન્ડ પર એક વાલીએ છત્રી આપી. પણ મેં બાળકોની સાથે પલળવાનું પસંદ કર્યું. બધાં બાળકોને તેમની વાડીના રસ્તા સુધી પલળતાં પલળતાં મૂકવા ગયો. બાળકોની સાથે વરસાદનાં પાણીને છાલક મારી ઉડાડવાની, કિકિયારી કરવાની, ચોકલેટનો ભાગ ખાવો આ બધું જોઈ મન આનંદથી ભરાઈ ગયું.

●●●

## પ્રભુનો પ્રસાદ

**- ધારાબહેન જે. પટેલ**

બાળક એ પૃથ્વી પર પરમાત્માએ લખેલો પ્રેમપત્ર છે.

આ પ્રેમપત્રને જ્યારે આપણે પ્રેમથી વાંચવા પ્રયત્ન કરીશું કે કરી શકીશું ત્યારે જ એક શિક્ષક તરીકે સફળ ગણાઈશું.

કદાચ આવી સફળતાનો અહેસાસ મને એક સુખદ ઘટનાએ કરાવ્યો હતો. એકવાર મારે હિંમતનગર જવાનું થયું ત્યારે હું જીપમાં મુસાફરી કરી રહી હતી. વચ્ચે એક ગામથી એક બાળક તેની મા સાથે આ જ જીપમાં બેઠો ત્યારે હું એને ઓળખી ગઈ હતી કે આ મારો ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. પરંતુ મારું મોઢું દુપટ્ટાથી બંધાયેલું હોવાથી તે મને ઓળખી ન શક્યો ત્યારે મેં એને મારી પાસે બોલાવ્યો અને બેસાડ્યો ત્યારે એ મારા અવાજ માત્રથી મને ઓળખી ગયો ને ખુશ થઈ ગયો.

લગભગ મુસાફરી દરમ્યાન બીજી કોઈ જ પ્રકારની વાતચીત ન થઈ પરંતુ જ્યારે તે ઊતર્યો ત્યારે મારી નજર તેના પર પડી અને તેણે એ જ સમયે એટલા પ્રેમથી 'આવજો' કહ્યું છે મારું મમતાભરેલું હૃદય છલકાઈ ગયું. જાણે મારા

હૃદયના ભાવો ને મહેસૂસ કરી ગયો હોય તેમ તેણે બીજીવાર પણ એટલા જ ભાવથી 'આવજો' કહ્યું. તે સમયે તેનો માસૂમ ચહેરો અને કોમળ હાથ જાણે મારા માટે સદ્‌ભાવ દર્શાવી રહ્યા હતા. બસ, આ જ મારી મૂડી હતી. એક શિક્ષક તરીકે ખૂબ જ સંતોષ અનુભવ્યો અને પ્રભુના એ પ્રસાદને વાગોળતી રહી.

દરબાર વાસ પ્રાથમિક શાળા,
તા. તલોદ, જિ. સાબરકાંઠા

●●●

## નૈતિકતા

**- અરૂણ દાફડા**

ગુરુવારનો દિવસ હતો. પ્રાર્થના પૂરી થઈ ને હું મારા વર્ગમાં ગયો. હાજરી પૂરીને પાઠ્યપુસ્તક હાથમાં લીધું, ત્યાં વર્ગની એક વિદ્યાર્થિનીએ ટેબલના ખાનામાં અગરબત્તી માટે મૂકેલા 30 (ત્રીસ) રૂપિયાની ચોરી થયા હોવાનું જણાવ્યું. જો કે તે રૂપિયા મારા પોતાના જ હતા. વર્ગમાં થોડીવાર માટે ગમગીની છવાઈ ગઈ. સૌ વિદ્યાર્થીઓ મારી તરફ એકીટશે જોઈ રહ્યા હતા. કદાચ તેમના મનમાં 'પ્રશ્નાર્થ' હતો કે ''પૈસા કોણે લીધા હશે ?'' કે પછી ''સાહેબ હવે શું કરશે ?''

વર્ગનો આવો પ્રથમ જ બનાવ હતો. બધા વિદ્યાર્થીઓ એટલા બધા મળતાવડા અને વિશ્વાસપાત્ર બની ગયા હતા કે મને પણ થોડીવાર માટે આ વાત માન્યામાં ન આવી. વર્ગમાં શાંતિ છવાઈ ગઈ અને બધા મારા નિર્ણયની રાહ જોતા હતા તે દિવસે મેં થોડું સૂચન કર્યું કે, 'જે કોઈએ આ રૂપિયા લીધા હોય તે સ્વેચ્છાએ એક અઠવાડિયામાં પાછા મૂળ જગ્યા પર મૂકી દે એટલું કહી મેં વર્ગમાં અભ્યાસ ચાલુ કરી દીધો, પણ એ રાત્રે હું તે વિચારોમાં ખોવાયેલો રહ્યો. ફરીથી બીજા દિવસે શાળામાં વર્ગનું વાતાવરણ પહેલાનાં જેવું જ બની ગયું એટલે મને સમજાયું કે બાળકો કાલની વાત ભૂલી ગયાં છે... અને હું પણ મારા કામમાં વ્યસ્ત થઈ ગયો. બસ, મારે ફક્ત અઠવાડિયાની જ રાહ જોવાની હતી કારણ કે બાળકમાં સિંચાયેલા નૈતિક ગુણોનું મૂલ્યાંકન અઠવાડિયા બાદ થવાનું હતું.

એકાદ અઠવાડિયું વીતી ગયું. શાળાનો વર્ગ રાબેતા મુજબ જ ચાલતો હતો અને વિદ્યાર્થીઓના મનમાં ચોરાયેલા પૈસાનો કોઈ ખ્યાલ જ રહ્યો ન હતો.

એક સવારે હું વર્ગમાં દાખલ થયો અને હાજરી પુરવા માટે હાજરીપત્રક કાઢ્યુ તેમાં એક ચિઠ્ઠી જોઈ હું આશ્ચર્યચકિત થયો તેમાં લખ્યુ હતું,

''તમારા એ રૂપિયા મેં લીધા હતા,
જે હું પાછા આપી શકું તેમ નથી.
અને હું મારું નામ બતાવી શકું તેમ
નથી. આઈ એમ. સોરી...

લિ. તમારા વર્ગનો એક વિદ્યાર્થી''

એ ચિઠ્ઠીને કદાચ હું હૃદય સુધી ઊતારી શક્યો હતો. મારે માટે પૈસાનું મહત્ત્વ નહોતું હું હૃદયથી ધન્યતા અનુભવતો હતો કારણ કે આ કડવા પ્રસંગે એક બાળકને એ આત્મસાત કરી આપ્યું હતું કે પ્રામાણિકતા અને આત્મસન્માન ખૂબ જ મોટી નૈતિકતા છે...

ગીદરડી પ્રાથમિક શાળા,
તા. ખાંભા, જિ. અમરેલી

●●●

## વંદન હજો એ ઋષિ દંપતીને !

**- જિતેન્દ્રભાઈ પટેલ**

મારી બદલી કંબોયા પ્રાથમિક શાળામાં કરવામાં આવી હતી. નવસારી જિલ્લાના છેવાડાના વાંસદા તાલુકામાં કંબોયા શાળા આવેલી છે. ગણિત વિષયના એસ.આર.જી.સભ્ય બન્યા પછી શિક્ષણના અનેક મહાનુભવોના સંપર્કમાં આવવાથી મારા મનમાં આદર્શ પ્રાથમિક શાળાની એક સંકલ્પના બંધાઈ હતી. કંબોયા શાળામાં પ્રવેશતાં જ મને શાળાનું નૈસર્ગિક વાતાવરણ સ્પર્શવા લાગ્યું હતું. શાળામાં નાનાં મોટાં ઘણા બધાં ઝાડો છો. આંબાના ઝાડોથી શાળાની શોભા અનેરી બની છે. શાળામાં બાળકો ઝૂંપડીમાં બેસી એક સાથે યોગ અને પ્રાર્થના સંમેલન કરે છે. શાળાની શિસ્ત આંખે ઊડીને વળગે એવી છે. શાળાનું સ્ટેજ માટીથી બનાવેલું છે. આસપાસના પર્યાવરણમાંથી મળતી વસ્તુઓનો ઉપયોગ કરી શાળામાં આકર્ષક શિક્ષણ ઉપયોગી નમૂનાઓ બનાવવામાં આવ્યા છે. શાળાનાં ઘણાં બધાં જમા

પાસાંઓ છે. આ શાળામાં આર્થિક સહયોગ નહીવત્ જેટલો મળે છે, છતાં ધીરજ ધરી કઠિન તપશ્ચર્યા કરી શાળાનો વિકાસ કરવામાં આવ્યો છે. મારી કલ્પના કરતાં અનેકવિધ રીતે કંબોયા શાળા ચડિયાતી આદર્શ શાળા છે. જ્યાં મેં કાગળ પર લખાયેલા શિક્ષણના વિચારો જીવંત જોયા. શાળા ગુણવત્તા એવોર્ડ, શ્રેષ્ઠ બાગબાની અને એવોર્ડ ટુ સ્કુલ જેવાં સન્માનો પણ શાળાને મળેલ છે. શાળા વિકાસ અને પ્રગતિ પાછળનું રહસ્ય એ ત્યાંના આદરણીય શિક્ષક દંપતી શ્રી બળવંતભાઈ પટેલ અને શ્રીમતી મધુબેન પટેલને આભારી છે એવું મેં ગ્રામજનો પાસેથી જાણેલું. એ દંપતીએ શાળાની લગોલગ મકાન બનાવેલ છે અને ચોવીસ કલાક બાળકો અને શાળા માટે ફાળવે છે. બળવંતભાઈએ એ શાળામાં 27 વર્ષ અને મધુબેને 38 વર્ષ સેવા આપી હવે નિવૃત્ત થવાના આરે છે. આજે હુ કંબોયા પ્રાથમિક શાળામાં નોકરી નથી કરતો પરંતુ જ્યારે જ્યારે શાળામાં જાઉં છું ત્યારે ગમે તે સમયે એ શિક્ષક દંપતીને મેં કોઈ ને કોઈ શાળાના કામમાં જ જોતરાયેલાં જોયાં છે. ત્યાગ અને સમર્પણની એઓ સાક્ષાત મૂર્તિ છે. શાળા મને ગુરુકુળ સંસ્કૃતિની યાદ અપાવે છે અને એ શિક્ષક દંપતી ઋષિ દંપતી જેવા લાગે છે. શિક્ષણની વાત નીકળે અને કંબોયા શાળાને યાદ કરું છું ત્યારે એ ઋષિ દંપતીને કોટિ કોટિ વંદન કરું છું.

નવાતળાવ પ્રાથમિક શાળા
તા. જિ. નવસારી

●●●

## બાળકની પ્રામાણિકતા

**- રાકેશકુમાર પટેલ**

આર્થિક રીતે પછાત એવા આ ગામમાં એક વર્ષના વિરામ બાદ ગત ડિસેમ્બર માસમાં અમદાવાદ અને ગાંધીનગરનાં પ્રવાસનુ આયોજન કરવામાં આવેલ. તેમાં ગાંધીનગરથી પરત વળતી વખતે બરવાળા તાલુકાના સાળંગપુર મુકામે શ્રી કષ્ટભંજન દેવના દર્શનકરી સૌ બાળકો પોતાનાં ગ્રુપ શિક્ષકની હાજરીમાં ખરીદી કરતા હતા. આ ઘટના બરાબર રાત્રિના 9:15 કલાકની આસપાસની છે.

પ્રવાસ કરનાર બાળકોમાં એક બાળક નામે ચંદુ દલાભાઈ પણ હતો. બન્યું એવુ કે આ સમયે આ બાળક દોડતો દોડતો મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો, લ્યો સાહેબ, મને સો (100) રૂપિયા મળ્યા છે. મેં તે નોટ હાથમાં લીધી અને ખોલીને જોયું તો : સો - સોની બે નોટ હતી. હું ખૂબ જ આનંદિત થયો. બાળકની આવી પ્રામાણિકતા સાચેજ વખાણવાલાયક છે.

બાદમાં જાણવા મળેલ કે આ બાળક પાસે તો વાપરવાના પૈસા પણ ન હતા. કારણકે પ્રવાસનો આ અંતિમ દિવસ હતો. અને તેની પાસેના તમામ પૈસા તો વપરાઈ ચૂકેલા હતા. તેમ છતાં આ 'ચંદુ એ પારકુ ધન એ રાખ' બરોબર આ કહેવતને ચરિતાર્થ કરી સૌને પ્રેરણાદાયી બળ પૂરુ પાડ્યું. સૌ મિત્રોએ તેને ધન્યવાદ આપ્યા.

પશ્ચિમપડા પ્રાથમિક શાળા
તા.ઊના, જિ. જૂનાગઢ

### આવકાર

જીસીઈઆરટીના નિયામકશ્રી એમ.એન.ભાડ 31મી માર્ચના રોજ સ્વૈચ્છિક નિવૃત થતાં તેમનો ભવ્ય વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો, અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી આર.સી. રાવલને નિયામક તરીકેનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવેલ છે. તેમજ ડૉ. ટી.એસ. જોશી (પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર) તેઓને અધિક નિયામક તરીકેનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવેલ છે.

જીસીઈઆરટી પરિવાર સહર્ષ આવકારે છે.

ઝંડો કહે છે, 'હંમેશાં જાગ્રત રહો, હંમેશાં ગતિશીલ રહો, આગળ વધો, કાર્ય કરો એવા સ્વતંત્ર નમ્ય અનુકંપામય શિષ્ટ લોકશાહી સમાજ માટે, જેમાં ખ્રિસ્તી, શીખ, મુસ્લિમ, હિન્દુ, બૌદ્ધ બધાને સુરક્ષિત આશ્રય મળે.'

- સર્વપલ્લી રાધાકૃષ્ણન

# શિક્ષણમાં અનુબંધ

- સંકલન

★

નૂતન અભિગમમાં શિક્ષણમાં અનુબંધની બાબતને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જેથી આ વિસ્તૃત સમજ માટે ડાયેટ, ભાવનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ મોડ્યુલમાંથી આ પસંદ કરી, પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

★

- **પ્રસ્તાવના :**

જ્ઞાન, કૌશલ્ય, આવડત વગેરે અવિભાજ્ય અને સમગ્ર એકમ છે. તેને ખરેખર તો વિભાગોમાં વહેંચવાનું મુશ્કેલ છે. શિક્ષણમાં જે ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી, ભાષાઓ જેવા સીમાડા નક્કી કર્યા છે તે તો માત્ર આપણી અનુકૂળતા માટે જ છે. શિક્ષણમાં અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાને સરળ બનાવવા જુદા જુદા વિભાગોમાં વહેંચવામાં આવે છે. શિક્ષણશાસ્ત્રીઓના મતે બધા વિષયો અલગ અલગ સ્વરૂપે ન શીખવતાં એક વિષયના શિક્ષણમાં બીજા વિષયો ગૂંથાઈ જાય તે રીતે સુયોગ્ય સમન્વયથી પૂર્ણ બનાવી શિખવવા જોઈએ.

- **હેતુઓ :**

→ શિક્ષક વિદ્યાર્થીઓને જ્ઞાનની અવિભાજ્યતાનો પરિચય કરાવી શકે.
→ શિક્ષક વિદ્યાર્થીઓના અભ્યાસના ભારણને સરળ કરી શકે.
→ શિક્ષક અભ્યાસક્રમના મુદ્દાઓને સરળ કરી શકે.
→ શિક્ષક પોતાના શિક્ષણ કાર્યને રસપ્રદ બનાવી શકે.
→ શિક્ષક સમયનો સદુપયોગ કરી શિક્ષણ દ્વારા વ્યવહાર જ્ઞાન આપી શકે.
→ વિદ્યાર્થીઓને વિષય તરફ હકારાત્મક અને વિશાળ દ્રષ્ટિકોણવાળા બનાવી શકે.

- **બેઠક વ્યવસ્થા :**

→ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે જૂથ બનાવી પ્રશ્નોત્તરી માટે બેઠક વ્યવસ્થા કરવી.
→ નાટ્યીકરણ પદ્ધતિ વખતે બેઠક વ્યવસ્થા તે મુજબ ગોઠવવી.

- **અંદાજિત સમય :**

3 - કલાક

- **તાલીમની કાર્યપ્રણાલી :**

→ જૂથ ચર્ચા પદ્ધતિ
→ નાટ્યીકરણ દ્વારા
→ પ્રશ્નોત્તરી દ્વારા

- **ચર્ચાપત્ર :**

દરેક તાલીમાર્થી જૂથમાં બેસી નીચેની બાબતો પર પોતાનાં મંતવ્યો નોંધી રજૂ કરશે.

→ શું તમે ક્યારેય કોઈ વિષય શીખવતી વખતે અન્ય કોઈ વિષયના ઉપભોગની ચર્ચા કરી છે ? જો હા, તો કયા કયા ? નોંધ કરો, જો ના, તો શું તેમ કરવું તમને

યોગ્ય લાગે છે કે કેમ તેની નોંધ કરો.

→ તેમ કરવાથી તમને કોઈ ફાયદો થયો હોય તેની નોંધ કરો.

→ તમારા વિષયના વિષયાંગ બીજા કયા કયા વિષયો સાથે જોડી શકાય છે ? કોઈ એક વિશે નોંધ કરો.

→ તમે જે શીખવો છો, તેનો જીવન વ્યવહાર સાથે કોઈ સંબંધ ખરો ?

→ હવે, ચર્ચાપત્રના મુદ્દાઓ અને વિદ્યાર્થીઓએ લખેલા જવાબોને આધારે તમારા જૂથમાં ચર્ચા કરો અને તેની નોંધ કરો.

- **સંકલ્પના :**

જ્ઞાનની અખંડિતતાના સંદર્ભમાં એક વિષયના અન્ય વિષયો સાથેનો યોગ્ય ભૂમિકા પરનો સંબંધ એટલે સમન્વય. ડૉ. ઝાકિર હુસેન સમિતિ અનુસાર 'સમસ્ત શિક્ષણ વાસ્તવિક જીવન, સામાજિક તેમજ પ્રાકૃતિક વાતાવરણ સંબંધી જે સમસ્યાઓ હોય તેના દ્વારા આપવું જોઈએ જેથી બાળકનું શિક્ષણ વિકાસોન્મુખ ક્રિયાશીલતામાં ભળી શકે.'

અનુબંધ વિષે વિદ્વાનોના અભિપ્રાયો જોઈએ :

(1) ''એક વિષયને બીજા વિષય સાથે જોડવાનો સિદ્ધાંત સામાન્ય રીતે શિક્ષણ સમન્વયના નામથી ઓળખાય છે.''

- ડમવીલ

(2) ''અનુબંધનું શિક્ષણ બાળકને તેના અનુભવોના સ્તર પ્રમાણે શીખવવા સિવાય કશું નથી.''

- શાહ

(3) ''શિક્ષણમાં સમન્વય એ શાળાના જુદા જુદા વિષયોનો શક્ય એટલા પ્રમાણમાં પરસ્પર સાથે સંબંધ સ્થાપવા પ્રયત્ન કરે છે.''


- બર્નાડ

(૪) ''શિક્ષણના વિવિધ વિષયોને સ્વતંત્ર તથા નિરપેક્ષ માનવા નહીં. એ વાત સાબિત કરવા માટે વિશેષ પ્રમાણની આવશ્યકતા નથી.''

- ટી. રેમંટ

- **અનુબંધના પ્રકારો :**


**પ્રવૃત્તિ -**




→ ગણિત વિષયના વિવિધ અંગો વચ્ચે થતો અનુબંધ આપેલ ચિત્રના દર્શાવેલ છે. તો તેના આધારે બાકીની પાંખડીઓમાં ગણિતનાં એવાં પ્રકરણ દર્શાવો જેનો અનુબંધ સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર સાથે થાય.

હવે, વિચારો, શું તમે દર્શાવેલા મુદ્દાઓનો અંદરો અંદર એકબીજા મુદ્દાઓ સાથે કોઈ અનુબંધ થાય છે ? જો હા, તો કેવી રીતે ? નોંધ કરો.

આમ, શિક્ષણમાં અનુબંધનો પ્રથમ પ્રકાર એક વિષયના વિવિધ અંગો સાથેનો અનુબંધ તરીકે તારવી શકાય છે.



**પ્રવૃત્તિ -**

(1) આપેલ ચિત્રમાં તમને શું દેખાય છે ?

(2) આ ડેમનું નામ કોના નામ પરથી આપવામાં આવ્યું છે ?

(3) આ નેતાએ ભારતની અખંડિતતા માટે શુ પ્રદાન આપેલું છે ?

(4) આ ડેમ શા માટે બાંધવામાં આવ્યો છે ?

(5) 'સરદાર સરોવર ડેમ' વિશે પાંચ વાક્યો લખો.

(6) સરદાર સરોવર ડેમનો ગણિત વિષય સાથે અનુબંધ કેવી રીતે થઈ શકે ?

(7) આ ડેમનો આપણા જીવન વ્યવહાર સાથે શો સંબંધ છે ?

આમ, શિક્ષણમાં અનુબંધ એક વિષયનો અન્ય વિષયો સાથે પણ થઈ શકે છે.તો આવાં કેટલાંક ઉદાહરણો જોઈએ.

**(A) વિજ્ઞાનનો અંગ્રેજી વિષય સાથેનો અનુબંધ :**

વિજ્ઞાન અને ટેક્નોલોજીના એકમો શીખવી વખતે પાઠ્યપુસ્તકમાં એકમના અંતે આપેલા Block માંના શબ્દો અને તેના અંગ્રેજી સ્પેલિંગ લખાવી તેનાં તરફ બાળકોનું ધ્યાન દોરવાથી બાળકના અંગ્રેજી ભાષાનું Vocabulary Building (શબ્દ ભંડોળનું માળખું) આપોઆપ સુધરશે. તેની સાથે સાથે વિજ્ઞાનના જે-તે મહત્ત્વના પારિભાષિક શબ્દોને પણ તે પાઠમાં વધુ સમજતો થશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ઉદારણો : | પ્રદૂષણ | - | Pollution | પર્ણ | - | Leaf |
| | ચરબી | - | Fat | પાણી | - | Water |
| | ગ્રહ | - | Planet | ફળ | - | Fruit |

**(B) વિજ્ઞાનનો ગુજરાતી વિષય સાથેનો અનુબંધ :**

વિજ્ઞાન શિક્ષક જે - તે એકમ શીખવતી વખતે એકમમાં આવતા જોડાક્ષરો હોય તેવા શબ્દોની યાદી બનાવવા કહે છે તો બાળકની ગુજરાતી ભાષા પ્રત્યે સભાનતા વધે છે તથા વિજ્ઞાનના જે - તે શબ્દોની સારી સમજ પણ પ્રાપ્ત થાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉદારણો : | - | ઓક્સિજન | - | અગ્નિ |
| | - | બાષ્પ | - | સમુદ્ર |
| | - | સ્કૂટર | - | સૂર્યપ્રકાશ |

**ચર્ચાપ્રશ્નો :**

(1) હવે ઉપર મુજબ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયના કોઈ એક મુદ્દાને અન્ય વિષયમાં કેવી રીતે અનુબંધ થઈ શકે તેની રજૂઆત કરો.


(2) તમે શીખવતા વિષયના કોઈ મુદ્દાને શીખવવા અન્ય વિષય સાથે અનુબંધ કરી તમે કેવી રીતે શીખવી શકો તેની ચર્ચા કરો.

(C) **શારીરિક શિક્ષણ સાથેનો ગણિત સાથેનો અનુબંધ :**

શારીરિક શિક્ષણ વિષય અંતર્ગત જુદી જુદી રમતો જેવી કે ખો-ખો, કબડ્ડી, દોડ વગેરે રમાડતાં પહેલાં પૂર્વ તૈયારી રૂપે બાળકો પાસે જ્યારે તે દોરાવવામાં આવે કે તેના માપની ચોક્કસ ચર્ચા પ્રશ્નો પૂછી કરવામાં આવે તો તે સમયે બાળકોમાંના ગણિત વિષયના મૂળભૂત કૌશલ્યો જેવા કે ચોક્કસાઈપૂર્વક માપન કરવું. ગણિતના ભૌમિતિક આકારો, એકમોનો વ્યવહાર ઉપયોગ વગેરેનો વિકાસ થાય જ છે.

(D) **હિન્દી વિષયનો સામાજિક વિજ્ઞાન સાથેનો અનુબંધ :**

ધોરણ-8માં આવતાં 'शबरी', 'सिकंदर और पुरू' અને 'अमर शहीद रामप्रसाद बिस्मिल' વગેરે જેવા એકમોનો સીધા જ અનુબંધ સામાજિક વિજ્ઞાનના ઈતિહાસ વિભાગ સાથે છે.




આપેલ આકૃતિમાં ખાલી ખાનાઓમાં વિષયોનાં નામ લખો કે જેનો એક-બીજા સાથે અનુબંધ થઈ શકે. આમ, શિક્ષણમાં અનુબંધના બીજા પ્રકારની તરીકે વિષયના અન્ય વિષયો સાથેનો અનુબંધ ગણી શકીએ.

**પ્રકરણ :**

→ આપેલ સ્ક્રીપ્ટ પરથી એક લઘુનાટકથી ભજવણી કરો. જરૂર જણાય તો યોગ્ય ફેરફાર કરવા.

પાત્રો : હિન્દી ભાષી વેપારી

ધો.૭માં ભણતો બાળક

બાળક : શેઠ, મને એક કિલો કોપરેલ ને એક મીઠાની થેલી આપો ને !

શેઠ : કયા ચાહિયે ? બચ્ચા, જરા ઠીકસે બતાઓ ના ?

બાળક : શેઠજી, મુજે એક કિલો નારિયેલ તેલ ઔર નમક કી થેલી ચાહીએ.

શેઠ : બચ્ચા મેરે પાસ તો ૧ લિટર પૈક મેં નારિયેલ તેલ હૈ. તો વહ તો તુમ્હે કિલો મેં નહીં મિલેગા. એક લિટર મેં એક કિલોગ્રામ સે થોડા કમ આતા હૈ.

બાળક : અચ્છા, તો મુજે વહ દે દો.

શેઠ : ઔર તુમ્હે નમક કૌન સા ચાહિએ ? આયોડિનવાલા નમક ચલેગા ?

બાળક : હા, ચલેગા. મેરે સર ભી વહી નમક ખાને કી બાત કર રહે થે. પર શેઠજી, ઉસમેં ISI કા નિશાન તો લગા હૈ ના ?

શેઠ : હા બેટે ! તુમ તો બહુત હોશિયાર હો. યહ લો તુમ ખુદ હી ઉસમેં દેખ લો.
(બાળક મીઠું, તેલના પેક પરની તમામ માહિતી ધ્યાનપૂર્વક વાંચે છે.)

બાળક : કીતને પૈસે દૂ આપકો ?

શેઠ : એકસો બારહ રૂપિયે હુએ.

બાળક : લો યહ પાંચસો રૂપિયે કા નોટ હૈ.

●●●

→ હવે, તમારી સમક્ષ રજૂ થયેલા નાટક પરથી કયા કયા વિષયોનો જીવનનો વ્યવહારમાં અનુબંધ થઈ શકે છે તે વિચારો, ચર્ચા કરો અને તેની નોંધ કરો.

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

આમ, આપણે જોયું તેમ શિક્ષણમાં અનુબંધના ત્રીજા પ્રકાર તરીકે અભ્યાસક્રમનો વ્યાવહારિક જીવન સાથેનો અનુબંધ થઈ શકે છે.

શિક્ષણનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ સાધી તેના ભાવિ જીવન ઘડતર કરવાનો છે. આ ઉદ્દેશ્ય ત્યારે જ સિદ્ધ થયો ગણાય જ્યારે દરેક વિષયોનો જીવન સાથે અનુબંધ સ્થાપવાનો મુખ્ય હેતુ તેનાં સત્યો, નિયમો, સિદ્ધાંતો અને પ્રવૃત્તિઓનું શિક્ષણ બાહ્ય જગતના પ્રસંગો દ્વારા આપી વિદ્યાર્થીને વ્યાવહારિક જગતમાં તેનો ઉપયોગ કરતા શીખવવાનો છે.

**ઉદાહરણ :**

ગણિત વિષયમાં આવતા સરવાળા - બાદબાકી, નાણું, સંખ્યાજ્ઞાન જેવા એકમોનો પ્રત્યક્ષ અનુબંધ બાળકના વ્યવહારિક જીવનમાં વસ્તુઓની ખરીદી કરતી વખતે થાય છે.

**ચર્ચાપ્રશ્નો :**

(૧) દરેક વિષયમાં કોઈક મુદ્દાને ધ્યાનમાં લઈ તેનો વ્યવહારિક જીવન સાથેનો અનુબંધ થતો હોય તેવાં ઉદાહરણોની ચર્ચા કરો, તેની નોંધ કરો.

---

---

---

---

---

- **અનુબંધના ફાયદાઓ :**

(1) અનુબંધ સ્થાપી શીખવવાથી વિષયવસ્તુ સરળતાથી રજૂ કરી શકાય છે.

(2) જ્ઞાનની વિશાળતા અનુબંધથી દર્શાવી શકાય છે.

(3) વિદ્યાર્થીનું માનસિક સ્તર ઊંચું લાવી શકાય છે.

(4) વિદ્યાર્થીઓને વ્યવહારિક જ્ઞાન મળે છે જેથી તેને શિક્ષણ નિરર્થક કે નકામું લાગતું નથી.

(5) સમયનો સદુપયોગ કરી શકાય છે.

(6) શિક્ષણકાર્ય રસપ્રદ બને છે.

(7) અભ્યાસક્રમનું ભારણ ઓછું થાય છે.

હવે આ સ્તરે આપણે જાણીએ છીએ તેમ, શિક્ષણમાં અનુબંધ કરવાથી ફાયદાઓ તો થાય જ છે. તો આવો હવે આપણા વર્ગ / વિષયમાં મજબૂત અનુબંધ કઈ રીતે થઈ શકે તેના વિશે ચર્ચા કરીએ.

(1) ⇢ શિક્ષકે અગાઉથી સુનિશ્ચિત આયોજન તૈયાર કરવું જોઈએ

⇢ વિવિધ એકમ સાથે કયા વિષયના કયા મુદ્દાઓનો અનુબંધ સરળતાથી સાધી શકાશે તેની પૂર્વ વિચારણા કરી લેવી જોઈએ.

(2) ⇢ પ્રસંગ આવ્યે શક્યતા ઊભી થાય તો અનુબંધ સાધવાનું ચૂકવું નહિ છતાં અનુબંધના ચક્કરમાં પડી કૃત્રિમ અનુબંધ સાધવો જોઈએ નહિ.

(3) ⇢ વિષય શિક્ષણ માટે શિક્ષકે ખાસ વર્તમાન ઘટનાઓ અને માહિતીથી પરિચિત રહેવું જોઈએ.

(4) ⇢ શિક્ષકે કુશળતાપૂર્વક, સ્વાભાવિક રીતે અનુબંધ સાધવો જોઈએ.

(5) ⇢ જ્ઞાનને સમગ્ર રૂપમાં અખંડિત અને સુસંકલિત રૂપમાં રજૂ કરવું.

શિક્ષકમાં સૂઝ, દ્રષ્ટિ, આયોજનક્ષમતા, કુશળતા, નિષ્ઠાની અપેક્ષાઓ તો તેમ છતાં પણ રહે જ છે, તેના વગર શિક્ષણમાં અનુબંધ તો શક્ય જ નથી.

❑

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સિદસર (ભાવનગર)

**સંદર્ભ સૂચિ :**

⇢ ડૉ. બારૈયા, વી.વી., અને ઝાલા, એમ.એમ. અને યાજ્ઞિક, એમ.કે. અને વોરા, એન.એ. (2004-2005), વાણિજ્ય અધ્યાપન પરિશીલન, (દ્વિતીય આવૃત્તિ) અમદાવાદ. બી.એસ.શાહ પ્રકાશન.

# સંશોધન

- મનોજ કોરડીયા

**સંશોધન શીર્ષક** : અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકોના લક્ષણોનો અભ્યાસ

**સંશોધક** : મનોજ આર. કોરડીયા

**અભ્યાસના હેતુઓ :**

1. અધ્યયન અક્ષમતા ધરાવતાં બાળકોની લાક્ષણિકતાઓ જાણવી.
2. અધ્યયન અક્ષમતા ધરાવતા બાળકોમાં કયાં લક્ષણો સામાન્ય રીતે જોવા મળે છે તે તપાસવું.
3. જુદાં જુદાં બાળકોની લાક્ષણિકતા વચ્ચેનો તફાવત જાણવો.

**અભ્યાસનું ક્ષેત્ર** : પ્રસ્તુત સંશોધન સુરેન્દ્રનગર જિલ્લાની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ 5 અને 6 નાં અધ્યયન અક્ષમતા ધરાવતા બાળકો પર કરવામાં આવ્યુ હતું.

**તારણો :**

1. અવલોકન હેઠળનાં બાળકોમાં મોટાભાગના બાળકો દેખાવમાં તેજસ્વી અને હોશિયાર છતાં વાંચવા, લખવા કે શબ્દોની બાબતમાં સહાધ્યાયીઓ કરતાં પાછળ રહેતાં જોવા મળ્યાં હતાં.
2. અવલોકન હેઠળનાં બાળકો પૈકી મોટાભાગનાં બાળકોમાં દાક્તરી રીતે શારીરિક ખામી જોવા મળી ન હતી.
3. અવલોકન હેઠળનાં બાળકો પૈકી મોટા ભાગનાં બાળકોને પાટિયામાંથી ઉતારવામાં તકલીફ પડતી હોવાનું જોવા મળ્યું હતું.
4. અવલોકન હેઠળનાં બાળકો પૈકી મોટાભાગનાં બાળકો જોડણી અને વ્યાકરણની બાબતમાં સહાધ્યાયીઓ કરતાં વધુ ભૂલો કરતાં જોવા મળ્યાં હતાં.
5. આ બાળકોના વખાણમાં અક્ષરોનું કદ સપ્રમાણસર, સીધી લીટીમાં લખાણ ન હોવું, બે શબ્દો વચ્ચેનું અંતર જોવા મળ્યું હતું.
6. આ બાળકો પૈકી મોટાભાગનાં બાળકો પરીક્ષામાં માત્ર પ્રશ્નો ઉતારે જવાબ ન લખે અથવા પેપર કોરું છોડે અથવા જવાબો પ્રશ્નો સાથે સંબંધિત ન હોય અને મદદ ન કરવામાં આવે ત્યાં સુધી ટૂંકા વિકલ્પોવાળા જવાબો લખવામાં મુશ્કેલી અનુભવતાં જોવા મળ્યાં હતાં.
7. આ બાળકો પૈકી મોટાભાગનાં બાળકો નિબંધ લેખનમાં તાર્કિકક્રમમાં પોતાના વિચારો રજૂ કરવામાં મુશ્કેલી અનુભવતાં જોવા મળ્યાં હતાં.
8. અવલોકન હેઠળનાં બાળકો પૈકી મોટાભાગનાં બાળકો સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર જેવી ગણતરીમાં ખૂબ સૂચના આપવા કે પ્રયત્નો કરવા છતાં મુશ્કેલી અનુભવતાં જોવા મળ્યાં.
9. અવલોકન હેઠળનાં બાળકો પૈકી મોટાભાગનાં બાળકો વ્યાવહારિક દાખલા ગણવા પ્રત્યે તીવ્ર અવગણના પ્રદર્શિત કરતાં જોવા મળ્યા હતાં. પરંતુ સીધી આંકડાની ગણતરી કરવામાં મુશ્કેલી અનુભવતાં જોવા મળ્યાં ન હતાં.
10. અવલોકન હેઠળનાં બાળકો પૈકી મોટાભાગનાં બાળકો વાંચનની બાબતમાં ધીમું વાંચતાં, ક્યારેય ન વાંચ્યું હોય તેવું લખાણ વાંચવામાં મુશ્કેલી અનુભવતાં હતાં.
11. અવલોકન હેઠળનાં બાળકો પૈકી મોટાભાગનાં બાળકો અંતર અને દિશાભાન બાબતે કોઈ મુશ્કેલી અનુભવતાં ન હતાં. ડાબું-જમણું, પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ, ઉપર-નીચે અને આગળ-પાછળ વચ્ચે તફાવત પારખવામાં મુશ્કેલી અનુભવતાં નહતાં.
12. અવલોકન હેઠળનાં બાળકો પૈકી મોટાભાગનાં બાળકો "રમ" ને સ્થાને "મર", "મરક" ને સ્થાને "કરમ", "દ" ને સ્થાને "ક", "ભ" ને સ્થાને "બ" તેમજ "તરંગ" ને સ્થાને "રંગ" કે "પગથિયા" ને સ્થાને "પથિયા" લખવા જેવી ભૂલો કરતા જોવા મળ્યાં હતાં.
13. અવલોકન હેઠળનાં બાળકો પૈકી ધોરણ 5 અને 6નાં બાળકોની લાક્ષણિકતામાં તફાવત જોવા મળ્યા નહોતો.

❑

રિસર્ચ એસોસિએટ
જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર

# પ્રસારણ પત્રક
## ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન, અમદાવાદ

| તારીખ | દૂરદર્શન સમય : 10-00 થી 10-30 ડી.ડી-1/ગિરનાર | | | |
|---|---|---|---|---|
| | કાર્યક્રમનું નામ | વિષય/ધોરણ | કાર્યક્રમનું નામ | વિષય/ધોરણ |
| 16-04-2012 | (1) વિક્રમાદિત્યનું સિહાસન<br>(2) કિચન ગાર્ડન | ગુજરાતી ધો...6<br>અંગ્રેજી | (1) વિક્રમાદિત્યનું સિંહાસન<br>(2) કિચન ગાર્ડન | ગુજરાતી ધો. 6<br>અંગ્રેજી |
| 17-04-2012 | (1) બાળ અદાલત<br>(2) નફો - ખોટ (ભાગ - ૧) | સા.વિ. ધો...5<br>ગણિત ધો... 8 | (1) બાળ અદાલત<br>(2) નફો ખોટ (ભાગ-૧) (3) થ્રસ્ટ્રી કો | સા.વિ. ધો...5<br>ગણિત ધો...8 |
| 18-04-2012 | (1) દાંત કકડાવવાનો આનંદ | ગુજરાતી ધો...7 | (1) દાંત કકડાવવાનો આનંદ<br>(2) વનસ્પતિનાં અંગો | ગુજરાતી ધો...7 |
| 19-04-2012 | (1) ધરતી કે લાલ<br>(2) ખોરાક, પોષણ અને સ્વાસ્થ્ય | હિન્દી, ધો...9<br>વિજ્ઞાન ટે. ધો... 9 | (1) ચાલો વિરામ ચિહ્નો વિશે<br>જાણીએ (ભાગ 1/2) (2) રસોઈ ઘર | ગુજરાતી ધો...7 |
| 20-04-2012 | (1) વનસ્પતિના અંગો (2) હ્યુમર મશીન | વિજ્ઞાન ટે. ધો...6/8 | (1) સમીકરણ (ભાગ 1/2) | ગણિત ધો...7 |
| 23-04-2012 | (1) ચાલો વિરામચિહ્ન વિશે જાણીએ<br>(ભાગ 1/2) | ગુજરાતી ધો...7<br>ધો...7 | (1) ઘનફળ<br>(2) આપણા વૈજ્ઞાનિકો | ગણિત ધો...7<br>વિ.ટે. |
| 24-04-2012 | (1) સમંન્વય શાળા (ભાગ 1/2) | ધો...5/7 | (1) સચ્ચા હિરા | હિન્દી ધો...5 |
| 25-04-2012 | (1) સમંન્વય શાળા (ભાગ - 3)<br>(2) પંખીઓની સ્વચ્છતા સભા | ધો...5/7<br>પર્યાવરણ ધો...4 | (1) સમતલ<br>(2) પારિભાષિક શબ્દો | ગણિત ધો....8 |
| 26-04-2012 | (1) સંત શ્રી વિનોબાભાવે (ભાગ - 1) | સામાજિ. વિ. ધો...5/8 | (1) એટ ફાર્મ (2) ફુડ એન વેજિટેબલ<br>(3) માય સ્કૂલ | અંગ્રેજી ધો...5 |
| 27-04-2012 | (1) સંત શ્રી વિનોબાભાવે (ભાગ - 2) | સામાજિક વિ. ધો...5/8 | (1) તરતા ડૂબતા પદાર્થ (2) શિયાળની સમજણ | વિ.ટે. ધો...6 |
| 30-04-2012 | (1) સંતશ્રી વિનોબાભાવે (ભાગ - 3) | સામાજિક વિ. ધો...5/8 | (1) ગૌતમ બુદ્ધ<br>(2) સૌર ઉર્જા ઉપકરણ | સા.વિ. ધો...6<br>વિ.ટે. |
| 01-05-2012 | (1) સંતશ્રી વિનોબાભાવે (ભાગ - 4) | સામાજિક વિ ધો...5/8<br>શ્રીરામ ચંન્દ્ર... | (1) સચ્ચા બાલક (2) હરતાં ફરતાં કરીએ<br>(3) ધ્વનિ અને તેનું સ્વરૂપ | હિન્દી ધો...5<br>ગણિત ધો...7 |
| 02-05-2012 | (1) કરન્સી નોટ (2) વોટ આઈ એમ ડુઈંગ<br>(3) માર્કશીટ રીડિંગ | અંગ્રેજી ધો...7<br>અંગ્રેજી ધો...6/7 | (1) બિરબલની યુક્તિ (2) પૂનઃ મૂષક | ગુજરાતી ધો...6<br>સંસ્કૃત ધો...6 |
| 03-05-2012 | (1) ધ્રુવ સ્વામિની (2) ફરિયાદ | ગુજરાતી ધો...5 | (1) એકલવ્ય | સા.વિ. ધો...6 |
| 04-05-2012 | (1) હાર કી જીત (2) મમ અંગામી | હિન્દી ધો.9, સંસ્કૃત ધો.6 | (1) રવિશંકર મહારાજ (2) રૂપાળું મારું ગામ | સા.વિ. ધો...6 |
| 07-05-2012 | (1) બમ્બુ વન્ડરફુલ પ્લાન (ભાગ 1/2)<br>(2) ગ્રાફિક ફિલર | અંગ્રેજી ધો...7 | (1) ત્રિકોણનું ક્ષેત્રફળ<br>(2) આપણી ઋતુઓ | ગણિત ધો...5<br>સા.વિ. ધો...5 |
| 08-05-2012 | (1) જીવરામ ભટ્ટ જમવા બેઠા (ભાગ 1/2) | ગુજરાતી ધો...9 | (1) સિંહની પરોણાગત<br>(2) ઉષ્માથી વાયુનું પ્રસરણ<br>(3) આપણી વનસ્પતિ | ગુજરાતી ધો...3<br>વિ.ટે. ધો...6 |
| 09-05-2012 | (1) સાઈકલની હરાજી (2) ખતુડોસી | ગુ.ધો...7/8 | (1) સંયોજન અને મિશ્રણ (2) મૂળ અને પ્રકાંડ | વિ.ટે. ધો...6 |
| 10-05-2012 | (1) કઠોરકૃપા (ભાગ 1/2) | હિન્દી ધો...8 | (1) મૈત્રેય અને યાજ્ઞવલ્કય<br>(2) વિશેષણની સમજ (3) લોભી ગ્વાલા | સા.વિ.ધો...6<br>ગુજરાતી / હિન્દી |
| 11-05-2012 | (1) અમિત કી સૂઝ | હિન્દી ધો...6 | (1) અમિત કી સૂઝ<br>(2) આપણી ઋતુઓ | હિન્દી ધો...6<br>સા.વિ. ધો...6 |
| 14-05-2012 | (1) ગણિત ગમ્મત (ભાગ 1/2) | ગણિત ધો...5 | (1) ગણિત ગમ્મત (ભાગ 1/2) | ગણિત ધો... 5/7 |
| 15-05-2012 | (1) મૂળનાં સામાન્ય કાર્ય<br>(2) પ્રકાંડનાં સામાન્ય કાર્ય<br>(3) જમીનની ફળદ્રુપતા અને ખેતી | વિજ્ઞાન ટે. ધો...6 | (1) ભારતની કુદરતી સંપત્તિ<br>(2) પૃથ્વીની દૈનિક ગતિ | સા.વિ. ધો... 6 |

# ચંદરવો

- સંકલન

હે પ્રભુ ! હું જીવું ત્યાં સુધી મને કામ આપ અને મારું કાર્ય પૂરું થાય ત્યાં સુધી જીવન. - **વિનિફ્રેડ હૉલ્ટબી**

ખરી ગયેલાં પાંદડાઓથી નહીં, પણ ખીલેલાં ફૂલોથી તમારા બગીચાનો અંદાજ મેળવો - **અનામી**

શબ્દો મારી પાસે કેવળ ! એ જ ઝવેરાત સાચું રે !! - **તુકારામ**

જ્યારે જ્યારે હું આકાશમાં વીજળી જોઉં છું ત્યારે મને થાય છે કે પરમાત્મા પોતાના હસ્તાક્ષર આપી રહ્યા છે. - **અનામી**

ગઈ કાલ કેન્સલ થયેલો ચેક છે આવતી કાલ પ્રોમિસરી નોટ છે આજ એ રોકડ રકમ છે. એને શાણપણથી વાપરો - **કે. લિયોન્સ**

કાંકરાઓને ચળકતા કરવામાં આવે અને હીરાઓને ઝાંખા કરવામાં આવે એનું નામ શિક્ષણ સંસ્થા - **રોબર્ટ ઈંગર સોલ**

રૂઝવે જગતના જખ્મો, આદર્યા ને પૂરાં કરે, ચલાવે સૃષ્ટિનો તંતુ, ધન્ય તે નવયૌવન. - **રા.વિ. પાઠક**

જે દોષો આપણે બીજામાં જોઈએ છીએ એ આપણામાં નથી એ જોવું જોઈએ - **મીનેન્ડર**

દુનિયામાં બે પ્રકારના માણસો છે એક કામ કરનારા અને બીજા જશ લેનારા - **ડ્વાઈટ મોરો**

ખુશામત કરવી સહેલી છે, પ્રશંસા કરવી મુશ્કેલ છે. - **જ્યાં રિચટેર**

બાળકને વસ્તુઓ નહી, વહાલ જોઈએ છે. - **એચ.જે. સનબ્રાઉન**

પ્રશ્ન નો ઉકેલ એ જિંદગી નથી પણ વાસ્તવિકતાનો અનુભવ એ જિંદગી છે. - **સોરેન કિર્ક ગાર્ડ**

જીવનને બદલવાની જરૂર નથી, જરૂર છે કેવળ આપણો અભિગમ બદલવાની. - **સ્વામી રામતીર્થ**

તમામ શબ્દો એ વિચાર ને ટાંગવાની ખીંટી છે. - **હેન્રી વૉર્ડ બીચર**

એક નાનકડા ફૂલનું સર્જન કરવું એ યુગોનો પરિશ્રમ - **બ્લેઈક**

પ્રાર્થના ઈશ્વર પાસે પહોંચવાની પાંખ છે અને ધ્યાન ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની આંખ છે. - **અનામી**

સત્યપૂત વાણીનું સામર્થ્ય અમોઘ હોય છે. - **નાથાલાલ જોષી**

પ્રાર્થના એવી રીતે કરો કે જાણે બધાનો આધાર ઈશ્વર પર છે, અને કામ એવી રીતે કરો કે જાણે બધાનો આધાર તમારી પર છે. - **ફ્રાન્સિસ કાર્ડિનલ**

પ્રાર્થના આત્માને સ્વચ્છ કરતી સાવરણી છે. - **ગાંધીજી**

જેનો જવાબ નથી હોતો એ જ તો પ્રાર્થનાનો ઉત્તર છે. - **સી. એચ. સીસોન.**

**સવજીભાઈ કે. ઠાકોર**
ભોડાલીયા, પ્રાથમિક શાળા, તા. ભાભર, જિ. બનાસકાંઠા.

# ભાવ-પ્રતિભાવ

- છેલ્લા પાંચ વર્ષથી હું જીવન શિક્ષણ નિયમિત વાંચું છું. તેના દ્વારા ઘણું બધું જાણવા મળે છે. જાન્યુ-ફેબ્રુઆરીનો અંક મળ્યો. બાળકો ભારતનું ભાવિ, પશુ-પક્ષીઓની કહેવતો, ટેન્સ શિખવવાની રીત... લેખો ખૂબ જ ગમ્યા અને ચંદરવો પણ એટલો જ ગમ્યો.

**- હર્ષદભાઈતૂરી, ખેંગારપર પ્રાથમિક શાળા, તા.અંજાર, જિ.કચ્છ**

- હું જીવન શિક્ષણનો નિયમિત વાચક છું. જીવનશિક્ષણ શાળામાં જ્ઞાનની ગંગોત્રી લઈને આવે છે ત્યારે આ વખતના અંકમાં રજાના દિવસે શિક્ષણકાર્ય અને જગમલ ભાઈનો કહેવતો અંગેનો લેખ ખૂબ ગમ્યો. આ ઉપરાંત આમ પણ બને અને બે શબદની વાત મારા પ્રિય વિભાગ છે.

**- દર્શનભાઈ પટેલ, સનાળી પ્રાથમિક શાળા,**
**તા. જસદણ, જિ.રાજકોટ**

- બે શબદની વાતમાં સ્વામી વિવેકાનંદના વિચારો ખૂબ જ અસરકારક રીતે રજૂ કર્યા છે. પુસ્તકોઃ શ્રેષ્ઠ દિગ્દર્શકોમાં ગાંધીજી આફ્રિકામાં ગયા ત્યારે રેલવે મુસાફરી દરમ્યાન વાંચેલ પુસ્તકથી હૃદય પરિવર્તન થયું તે જાણી અમોને પણ વાંચનની પ્રેરણા મળી. ભારતનું ભાવિ, શાળા એન વાલી વચ્ચેનો સેતુ તેમજ ચંદરવો લેખ ખૂબ જ ગમ્યાં છે.

**- રાઠોડ ઈસબભાઈ, અમીતાબહેન શાહ, નયનાબહેન પટેલ,**
**પીના બહેન પરમાર જુના રામપુરા પ્રાથમિકશાળા,**
**તા. વાઘોડીયા, જિ. વડોદરા.**

- જીવન શિક્ષણએ જીવન અને શિક્ષણને સફળતા બક્ષતું સામયિક છે. જે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓનું પણ જીવનઘડતર, ચારિત્ર્ય ઘડતર અને વ્યક્તિત્વ ઘડનારું એક અનોખું સામયિક છે.

**- આતિષભાઈ પટેલ, કોટડી પ્રાથમિક શાળા,**
**તા. રાજુલા, જિ. અમરેલી.**

- અમો જીવન શિક્ષણની કાગાડોળે રાહ જોતા હતા. સવારની પાળીવાળા શિક્ષકોને પૃચ્છા પણ કરી. પરંતુ બન્ને માસનો સંયુક્ત અંક મળ્યો. આમ પણ બને... વિભાગમાં એક અનુભવ વાંચ્યો અને આંખો ભીની થઈ ગઈ. શાળા અને વાલી વચ્ચેનો સેતુ લેખ વાંચી આનંદ થયો. પ્રથમ તો એ શિક્ષકોને ધન્યવાદ કે જેમણે અન્ય શિક્ષકોને આવા લેખો થકી પ્રેરણા આપી. જીવન શિક્ષણ ખરેખર માર્ગદર્શક છે એમ કહું તો અસ્થાને નથી.

**- દિનેશચન્દ્ર પટેલ, નગર પ્રાથમિક મિશ્ર શાળા-૩, નવસારી**

- સવિનય જણાવવાનું કે આપના વડપણ હેઠળ પ્રગટતું પ્રાથમિક શિક્ષણને ઉપયોગી મેગેઝિન જીવન શિક્ષણ હું નિયમિત વાંચું છું. જેમાં આવતી શૈક્ષણિક તથા વહીવટી સામગ્રી અમારા માટે ઉપયોગી છે. જે અમને જિલ્લા નિરીક્ષણ માટે પણ ખૂબ જ લાભદાયી અને અનુસરણીય છે.

**- બટુકભાઈ હિરાણી, કેળવણી નિરીક્ષક (શિક્ષણ),**
**ઉપલેટા, જિ. રાજકોટ**

- જીવન શિક્ષણ અપાર જ્ઞાનનો ખજાનો છે. જેમ તાપમાં તપેલી ધરતી વરસાદની રાહ જુએ છે અને વરસાદ આવતાની સાથે જ તેની માટીની ભીની મહેંક ચારે દિશામાં ફેલાઈ જાય છે. તેમ જીવન શિક્ષણ આવતાની સાથે જ જ્ઞાનની મહેંક શિક્ષકોમાં ફેલાઈ જાય છે. કહેવાનું મન થાય છે કે,જીવન શિક્ષણને જાણો, તેમાં આવતા જ્ઞનને માણો, પછી તે લેખોને જાણો, અનમોલ માહિતી અને માર્ગદર્શન મળ્યું એવી તૃપ્તિ જાણો...

**- ફાલ્ગુનીબહેન વ્યાસ, હેડુવા (રાજગર) પ્રાથમિક શાળા,**
**તા.જિ. મહેસાણા**

- સૂરજ નથી ભૂલતો ઊગવાનું, ફૂલ નથી ભૂલતું ખીલવાનું... બસ એ જ રીતે જીવન શિક્ષણ શાળામાં આવે અને અમે નથી ભૂલતાં વાચંવાનું! દરમાસે નિયમિત રીતે જીવન શિક્ષણના અમૃતરસનું પાન કરવાની સુટેવના કારણે જાન્યુઆરીના અંકની ખૂબ રાહ જોઈ પરંતુ જ્યારે જાન્યુ-ફેબ્રુઆરીનો સંયુક્ત આવ્યો ત્યારે તેનું મુખપૃષ્ઠ જોઈ મનમાં ઉત્સાહ જાગી ઊઠ્યો. સ્વામી વિવેકાનંદની તસવીર જીવનમાં પ્રેરણા અને નવા સંદેશા સાથે કંઈક શીખવવાનું કહી જાય છે.

**- ઉર્મિલાબહેન પટેલ, પૂણી પ્રાથમિક શાળા, તા. જિ. નવસારી**

- જીવન શિક્ષણ નિયમિત મળે છે. બે શબદની વાત મારો ફેવરીટ લેખ છે. વ્યક્તિ વિશેષમાં, લાલા લજપતરાયનો લેખ સરસ રહ્યો. 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો' યુવાનોના હૃદયમાં આ મંત્ર ફૂંકનાર સ્વામી વિવેકાનંદની તસવીર નિહાળી. આમ પણ બને લેખ ચાલુ જ રાખજો હાથ + કામ + બુદ્ધિ + હૃદય + પ્રેરણા + પ્રેમ = સર્જક બાળકો માટેની પ્રવૃત્તિઓના માધ્યમથી જ શિક્ષક સાચો સર્જક બને છે. આમ જીવન શિક્ષણ સાચા અર્થમાં જીવનનું શિક્ષણ પૂરું પાડે છે.

**- કનુભાઈ સોલંકી, જાનકી વલ્લભ પ્રાથમિક શાળા,**
**પાદરા, જિ. વડોદરા**

- વાલી, શિક્ષક, સમાજ અને તાલીમાર્થીઓને સાચા અર્થમાં જીવન શિક્ષણ માર્ગદર્શન પૂરું પાડે છે. આ સામયિકમાં આવતી તમામ બાબતો હોય છે. તેમાં શિક્ષણના નૂતન પ્રવાહોને સાંકળવામાં આવે છે. અમારે પણ કંઈક કહેવું છે... લેખ ખૂબ જ ગમ્યો હતો. 'બે શબદની વાત' એ ખરેખર તો અંકની આગવી ઓળખ છે. જીવન શિક્ષણ શિક્ષણ જગતમાં સદાય અગ્રેસર રહે તેવી અભ્યર્થના.

**- દિનેશભાઈ ભાભોર, વ્યાખ્યાતા,**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભરૂચ**


# તસવીર કથા



શૈક્ષણિક પ્રવાસ - ગુજરાત વિધાનસભા
પ્રાથમિક કુમાર શાળા, વલણ
તા. કરજણ, જિ. વડોદરા



નોનપ્લાસ્ટિક ડે ઉજવણી
જલાલપોર કુમાર શાળા
જિ. નવસારી



ક્વીઝ અને બાળ વિજ્ઞાનમેળામાં
ભાગ લીધેલ સ્પર્ધકોને ઈનામ વિતરણ
પ્રાથમિક શાળા, વણોટ,
તા. સાવરકુંડલા, જિ. અમરેલી



સાંસ્કૃતિક કાર્યક્રમ
પ્રાથમિક શાળા, મોમાઈપુરા
તા. માણસા, જિ. ગાંધીનગર

RNI No. : 11185/Guj Guj01721 Licensed to Without Prepayment Licence No. CPMG/GJ/54/2009-11 Regd. No. : GAMC-39 issued by SSP Ahmedabad Valid up to 31-12-2011, Posting at MBC Navrangpura on 15 Date of every month.

એપ્રીલ-2012

લવાજમ : રૂ. 75-00



# ભારતરત્ન

# ડૉ. ભીમરાવ આંબેડકર

*M.A., PH.D., D.Sc., LL.D., D.LITT., BARRISTER-AT-LAW*



રાષ્ટ્રના અગ્રગણ્ય રાજકીય પુરુષ અને દલિત ઉદ્ધારક ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ મધ્યપ્રદેશના એક ગામમાં તા. 14-4-1891ના રોજ થયો હતો. બી.એ. થયા પછી વડોદરા રાજ્યની આર્થિક સહાયથી અમેરિકા જઈ પીએચ.ડી. પદ્વી મેળવી. તેમણે મુંબઈ હાઈકોર્ટમાં વકીલાત શરૂ કરી. લંડનમાં ભરાયેલી ત્રણ ગોળમેજી પરિષદોમાં અંત્યજનોના પ્રતિનિધિ તરીકે તેમણે હાજરી આપી હતી. 'પૂના કરાર' મુજબ હરિજનોને અનામત બેઠકો તેમણે અપાવી હતી. કાયદાપ્રધાન હોવાને નાતે તેમણે માત્ર અછૂતોના હિત માટે નહીં, પરંતુ સમગ્ર ભારતવાસીઓને નજર સમક્ષ રાખીને વિશ્વમાં અજોડ કહી શકાય એવું બંધારણ ઘડી, બંધુતા અને સમાનતાના પ્રખર હિમાયતી, ભારતના આ સપૂતે બંધારણના રૂપમાં દેશ અને દેશવાસીઓને એક મોટી ભેટ આપી. એમના જીવનમાં ત્રણ આધારભૂત સિદ્ધાંતો હતા : શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો. તેઓ કહેતા : 'સમાજે મારો બહિષ્કાર કર્યો છે પણ પુસ્તકોએ મને હૃદયમાં સ્થાન આપ્યું છે.' તા. 6-12-1956ના દિવસે પોતાના અંતિમપુસ્તક 'ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મ' ની પ્રસ્તાવના લખીને સૂઈ ગયા અને ચિર નિંદ્રામાંથી જાગ્યા જ નહીં. ડૉક્ટર બાબાસાહેબ આંબેડકર આજે એટલા જ પ્રસ્તુત છે. તેમનું જીવન પ્રેરણાના સ્ત્રોત સમાન છે. ભારત સરકારે તેમને મરણોત્તર 'ભારતરત્ન' ખિતાબ અર્પણ કર્યો હતો.

Book-Post

**જીવન શિક્ષણ**

**તંત્રીશ્રી, જીવન શિક્ષણ**
**ગુજરાત શૈક્ષણિક**
**સંશોધન અને તાલીમ પરિષદ**
**સેક્ટર-12, ગાંધીનગર-382016.**

પ્રકાશક : તંત્રીશ્રી, જીવન શિક્ષણ જીસીઈઆરટી, સેક્ટર-12, ગાંધીનગર
મુદ્રક : રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ. 301, પુનિત પ્લાઝા કોમ્પલેક્ષ, નવગુજરાત કોલેજની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-14
ઈ-મેઈલ : reliableprintery@yahoo.com